©

सत्यमेव जयते

POSTAL REGISTRATION
No. VDR - E /14/2012-2014
Annual Subscription Rate ₹ 4000/-

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. LXII] THURSDAY, MAY 27, 2021 / JYAISTHA 6, 1943 [No. 21

Separate paging is given in each part of the Supplement to the Central Gazette and central section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part I, Part I-A, Part I-B and Part I-L

		Pages
Part-I	Government Notifications, Appointment, Promotion, Leave of Absence, Rules and Order (other than those published in Part I-A, IV-A, IV-B and IV-C) pertaining only to the Supplement to the Central Gazette.	1085-1106
Part-I-A	Orders and Notifications, other than those published in Part IV-B, order the Bombay Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal Primary Education and Local Fund Audit Act, pertaining only to the Supplement to the Central Gazette.	21
Part-I-B	Government Notifications, Published under Land Acquisition Act only.	41
Part-I-L	Notifications and Orders, Awards, (other than those published in Parts I, IV-A, IV-B and IV-C) under Central Industrial Disputes Act, and Gujarat Industrial Relations Act.	2153 2183

MISCELLANEOUS NOTIFICATIONS, APPOINTMENTS, ETC.

પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

નંબર વિ.શા./એ સેકશન/પરમીટ/પરીક્ષા-CCC/૫૧/૨૦૨૧.– સવિનય, જિલ્લા શિક્ષણાધિકારી શ્રી, અમદાવાદ ગ્રામ્યનાઓની કચેરીના પત્ર ક્રમાંક : અગ્રાવિ/બોર્ડ/૨૦૨૧/૩૯૩૪, તા.૨૩/૩/૨૦૨૧ અન્વયે, રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા તા.૨૭/૩/૨૦૨૧ના રોજ બપોરના કલાક ૧૨.૦૦ થી કલાક ૧૪.૦૦ સુધી CCC 2.0 પરીક્ષા અમદાવાદ શહેરના જુદા જુદા પરીક્ષા કેન્દ્રો પર યોજાનાર છે.

આ પરીક્ષા દરમ્યાન કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે અને પરીક્ષાર્થીઓ શાંતચિત્તે શુધ્ધ વાતાવરણમાં પરીક્ષા આપે અને પરીક્ષાનું સુચારૂ સંચાલન થઈ શકે તેમજ પરીક્ષા કેન્દ્રોની આસપાસના વિસ્તારમાં સુલેહ શાંતિ જળવાઈ રહે તે માટે અમદાવાદ શહેરના પોલીસ કમિશનર હકુમત હેઠળમાં નીચે મુજબના કૃત્યો કરવાનો પ્રતિબંધ ફરમાવવાનું પ્રવર્તમાન સંજોગોમાં આવશ્યક જણાય છે.

જેથી હું, સંજય શ્રીવાસ્તવ, પોલીસ કમિશનર અમદાવાદ શહેર, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ નીચે જણાવેલ વિસ્તાર પ્રતિબંધીત વિસ્તાર ફરમાવી તેમાં જણાવેલ કૃત્યો કરવાની મનાઈ ફરમાવું છું.

પ્રતિબંધિત વિસ્તાર :-

(૧) પરીક્ષા કેન્દ્રોની તથા તેની ચોતરફ ૧૦૦ મીટરની ત્રિજ્યામાં આવેલ તમામ મકાનો જગ્યા, સ્થળ અને વિસ્તાર.

(૨) ઝેરોક્ષ સેન્ટર/દુકાનો માટે પરીક્ષા કેન્દ્રો તથા તેની ચોતરફ એક કિલોમીટરની ત્રિજ્યાનો વિસ્તાર.

પ્રતિબંધિત કૃત્યો :-

(૧) પરીક્ષા કેન્દ્રોની ૧૦૦ મીટરની ત્રિજ્યામાં ચાર કે તેથી વધારે વ્યકિતઓએ ભેગા થવા પર.

(૨) પરીક્ષા કેન્દ્રોની આસપાસ ઝેરોક્ષ સેન્ટરો ચાલુ રાખવા પર.

(૩) પરીક્ષા સ્થળની આજુબાજુ મોટા મોટા અવાજે લાઉડસ્પીકર વગાડવા પર.

(૪) પરીક્ષા સ્થળ પર સક્ષમ અધિકારી સિવાયના તમામ વિદ્યાર્થીઓ, શિક્ષકોએ મોબાઈલ ફોન અને અન્ય ઈલેકટ્રોનીક મિડીયા/વિજાણું ઉપકરણ લઈ જવા પર.

(૫) પરીક્ષા સ્થળો પર પરીક્ષા સમય દરમ્યાન બિનઅધિકૃત વ્યકિતઓના પ્રવેશ પર.

(૬) પરીક્ષા સ્થળો પર ગેરરીતી થાય તેવું કોઈપણ સાધન કે અનઅધિકૃત લેખન સામગ્રી લઈ જવા પર.

(૭) પરીક્ષા કેન્દ્રોની આસપાસના વિસ્તારમાં જાહેર વાહન વ્યવહાર અવરોધાય તે રીતે વાહનો ઉભા રાખવા કે પાર્ક કરવા/કરાવવા ઉપર.

(૮) પરીક્ષા સ્થળે કોઈપણ પ્રકારનું હથિયાર લઈ દાખલ થવા ઉપર.

અપવાદ

આ હુકમ ફરજ પરના પોલીસદળ તથા હોમગાર્ડના માણસો તથા પરીક્ષા અનુસંધાને ફરજ પરના અધિકારીઓ/કર્મચારીઓને લાગુ પડશે નહીં.

નોંધ

(૧) COVID-19 ની મહામારી ચાલતી હોય તમામ પરીક્ષાર્થીઓએ તેમજ પરીક્ષાની કામગીરીમાં રોકાયેલ તમામ અધિકારી/કર્મચારીઓએ ફરજિયાત માસ્ક પહેરવાનું રહેશે તથા સોશિયલ ડીસ્ટન્સ જાળવવાનું રહેશે.

(૨) જાહેર જગ્યામાં કોઈપણ વ્યક્તિએ થુંકવુ નહિ.

(૩) ભારત સરકાર તથા ગુજરાત સરકારના COVID-19 ને અટકાવવા માટેના વખતો-વખતના હુકમોથી આપવામાં આવેલ આદેશો તથા માર્ગદર્શક સુચનાઓનો તમામે ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

આ હુકમ તારીખ ૨૭મી માર્ચ, ૨૦૨૧ ના સવાર ક. ૧૦-૦૦ થી ક. ૧૬-૦૦ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમ, સને ૧૮૬૦ના અધિનિયમની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશનરેટમાં ફરજ બજાવતા /સંયુક્ત પોલીસ કમિશનરશ્રીઓ/અધિક પોલીસ કમિશનરશ્રીના દરજ્જાથી પો.સ.ઈ. સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ઈ.પી.કો. કલમ-૧૮૮ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ ૨૫મી માર્ચ, ૨૦૨૧ના રોજ મારી સહી અને સિક્કા કરી આપ્યા.

વંચાણે લીધા :-

(૧) નાયબ પોલીસ કમિશનરશ્રી ઝોન-૬, અમદાવાદ શહેરના જાવક પત્ર ક્રમાંક-જી/૭૨૫/ઝોન-૬/૧૨૦૭/૨૦૨૧, તા. ૦૬/૦૪/૨૦૨૧ આધારે.

(૨) નાયબ પોલીસ કમિશનરશ્રી ઝોન-૭, અમદાવાદ શહેરના જાવક પત્ર ક્રમાંક- જી/૭૨૫/ઝોન-૭/આર.બી./૧૭૩૩/૨૦૨૧ તા. ૦૬/૦૪/૨૦૨૧ આધારે.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, સને ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે.

ક્રમાંકઃ વિ.શા./જાહેરનામું/એ-સેકશન/૫૨મીટ/ઘરઘાટી/૫૭/૨૦૨૧.—અમદાવાદ શહેરમાં છેલ્લા ઘણા સમયથી ચોરી, લુંટ, ખૂન, જેવા અમુક ગંભીર ગુન્હાઓમાં ઘરઘાટીની સંડોવણી થયેલ હોવાનું તપાસ દરમ્યાન જણાય આવેલ છે, તેમજ આગામી દિવસોમાં આગામી દિવસોમાં રામનવમી, રમઝાન ઈદ જેવા ધાર્મિક તહેવારો આવનાર હોય, શહેર વિસ્તારના નિવાસીઓ અંગત કામ અર્થે બહાર જતા હોય છે અને વયોવૃધ્ધ નાગરિકો મકાનમાં એકલા રહેતા હોય છે. તેમને ત્યાં ઘરકામ અર્થે રાખેલ ઘરઘાટીઓ પૈકી અમુક ગુનાહિત મનોવૃત્તિ ધરાવતા ઘરઘાટીઓ એકલતાનો લાભ ઉઠાવી નાણાંની અથવા અન્ય લાલચમાં આવી જઈ શરીર સબંધી તેમજ મિલકત સંબધી ગુનાઓ આચરી ફરાર થઈ જતા હોય છે, હાલના સંજોગોમાં આતંકવાદી પ્રવૃત્તિઓમાં સામેલ ઈસમો પણ આ રીતે રહે તેવી શક્યતાને નકારી શકાય તેમ નથી.

મહદ અંશે ઘરઘાટીઓ અમદાવાદ શહેર વિસ્તારના બહારના હોય છે, અને તેઓ ગુનો કરી જતા રહેતા હોય છે, તેઓ વિશેની કોઈ માહિતી મકાન માલિક કે પોલીસ પાસે હોતી નથી, પરિણામે તેઓને પકડવા મુશ્કેલભર્યું બને છે. જેથી ઘરઘાટી તરીકે નોકરી રાખતા વ્યક્તિઓ ઉપર થોડા નિયંત્રણો મુકવાની જરૂરી જણાય છે.

જેથી હું, સંજય શ્રીવાસ્તવ, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, (સી.આર.પી.સી.-૧૯૭૩-૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, અમદાવાદ શહેર પોલીસ કમિશનર વિસ્તારમાં કોઈ મકાન માલિક/મકાન ભાડુઆત જ્યારે કોઈ વ્યક્તિને ઘરઘાટી તરીકે કામ ઉપર રાખે ત્યારે સંબંધિત પોલીસ સ્ટેશનને જાણ કર્યા સિવાય કોઈ વ્યક્તિને તેવા કામ ઉપર રાખી શકશે નહીં અને માલિકે આ બાબતે નીચેના કોલમ મુજબની માહીતી ઘરઘાટીના ફોટોગ્રાફ સાથે સંબંધિત પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે.

(૧) ઘરઘાટીનું પુરૂં નામ

(૨) ઘરઘાટીનું અમદાવાદનું સરનામું તથા તેની સાથેના માણસોની વિગત

(૩) જેના ઘરે ઘરઘાટી તરીકે કામ કરતાં હોય તે માલિકનું નામ સરનામું (બે, ત્રણ તમામ માલિકોના નામ, સરનામાં તથા ઘરઘાટી તરીકેનો સમયગાળો)

(૪) બાંહેધરી અગર જેના મારફતે ઘરઘાટી તરીકે રાખેલ હોય તેનું નામ સરનામું

(૫) અગાઉ ઘરઘાટી તરીકે કામ કરેલ હોય તે માલિકનું નામ સરનામું

(૬) અમદાવાદમાં ઘરઘાટીનાં ઓળખીતાનાં નામ-સરનામા તથા ટેલીફોન નંબર

(૭) ઘરઘાટીનાં વતનનું સરનામું પોલીસ સ્ટેશન સહીત તથા વતનમાં રહેતાં તેના ભાઈ બહેન માતા પિતાના નામો

(૮) ઘરઘાટી પરણિત હોય તો સાસરીનું નામ સરનામું

(૯) ઘરઘાટીનું ચહેરા નિશાન ઉંમર વર્ષ, ઉંચાઈ વર્ણન, અભ્યાસ વિગેરે (ઓળખી શકાય તેવી નિશાની)

આ હુકમ તારીખ ૧૫મી એપ્રિલ, ૨૦૨૧ ના કલાક ૦૦/૦૦ થી તા. ૧૩મી જૂન, ૨૦૨૧ ના કલાક ૨૪/૦૦ સુધી (બંન્ને દિવસો સહિત) ૬૦ દિવસ માટે અમલમાં રહેશે. આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

વિસ્તાર

અમદાવાદ શહેર પોલીસ કમિશરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

શિક્ષા

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશનરેટમાં ફરજ બજાવતા અનાર્મ હેડ. કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે જી.પી.એક્ટની કલમ-૧૮૮ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ ૧૨મી એપ્રિલ, ૨૦૨૧ના રોજ મારી સહી અને સિક્કા કરી આપેલ છે.

વંચાણે લીધા :- (૧) નાયબ પોલીસ કમિશનરશ્રી ઝોન-૧ અમદાવાદ શહેરના જાવક પત્ર ક્રમાંક-જી/૭૨૫/ઝોન-૧/આર.બી/૨૦૪૯/૨૦૨૧, તા. ૦૫/૦૪/૨૦૨૧ તથા.

(૨) નાયબ પોલીસ કમિશનરશ્રી, ઝોન-૫ અમદાવાદ શહેરના જાવક પત્ર ક્રમાંક-જી/૭૨૫/ઝોન-૫/આર.બી/૧૨૨૬/૨૦૨૧, તા. ૦૫/૦૪/૨૦૨૧ આધારે.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, સને ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે.

ક્રમાંક વિ. શા./એ સેકશન/મકાન ભાડુઆત/૫૮/૨૦૨૧.—ગુપ્તચર સંસ્થાઓના અહેવાલો અને અમુક બનાવોથી જણાય છે કે, ત્રાસવાદી/ગુનેગાર તત્ત્વો અમદાવાદ શહેરના રહેણાંક વિસ્તારમાં ગુપ્ત રીતે આશરો મેળવી જાહેર સલામતિ અને શાંતિનો ભંગ કરે તેમજ માનવ જીંદગીની ખુંવારી થાય અને લોકોની સંપત્તિને નુકશાન પહોંચાડે તેવી શક્યતાઓ રહેલી છે.

આગામી દિવસોમાં રામનવમી, રમઝાન ઈદ જેવા ધાર્મિક તહેવારો આવનાર હોય, આવા તહેવારોના સમયગાળા દરમ્યાન આંતકવાદીઓ તથા ગુનેગારો અન્ય શહેર, રાજ્ય કે દેશમાંથી આવી કોઈના મકાન ભાડે રાખીને અમદાવાદમાં રહેતા હોય છે. અને જગ્યા વગેરેનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઈને તેઓની ત્રાસવાદી તથા ગુનાહિત પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. જેથી જાહેર વ્યવસ્થા અને શાંતિ જળવાઈ રહે તે હેતુસર ભાડેથી મકાન આપતા મકાન માલિકો ઉપર થોડાક નિયંત્રણો મુકવાનું જરૂરી જણાય છે.

જેથી હું, સંજય શ્રીવાસ્તવ, પોલીસ કમિશનર, અમદાવાદ શહેરને ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨) ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, અમદાવાદ શહેર પોલીસ કમિશનર વિસ્તારમાં કોઈ મકાન/ઔદ્યોગિક એકમો/ઓફીસો/દુકાનો/ગોડાઉનો/કોલ્ડ સ્ટોરેજોના માલિકો અગર તો આ માટે આવા મકાન માલિકે ખાસ સત્તા આપેલ વ્યક્તિ/સંચાલકો જ્યારે મકાન/ઔદ્યોગિક એકમો/ઓફીસો/દુકાનો/ગોડાઉનો/કોલ્ડ સ્ટોરેજોના માલિકો મકાન ભાડે આપે ત્યારે સંબંધિત પોલીસ સ્ટેશને જાણ કર્યા સિવાય કોઈ વ્યક્તિને મકાન ભાડે આપી શકશે નહી ભાડે આપેલ મકાનની વિગત ભાડુઆત અને સંબંધિત સંચાલક કે જેઓએ ભાડુઆતની ઓળખાણ આપેલ હોય તે અંગેની જરૂરી માહીતી નીચેના કોલમો મુજબ જે તે વિસ્તારના પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે.

અનું. નંબર	મકાન માલીકનું નામ તથા ભાડે આપેલ મકાનની વિગત-કયા વિસ્તારમાં કેટલા ચો.મી. બાંધકામ	મકાન ભાડે આપવા સત્તા ધરાવતા વ્યક્તિનું નામ	મકાન ક્યારે ભાડે આપેલ છે તથા માસીક ભાડુ કેટલું ?	જે વ્યક્તિઓને ભાડે આપેલ છે તેમના પાકા નામ સરનામાં ફોટા, પાસપોર્ટ, ડ્રાઈવીંગ લાયસન્સ, પાનકાર્ડ પુરાવા રૂપે સાથે આપવા.	મકાન માલીકને ભાડુઆતનો સંપર્ક કરાવનાર વ્યક્તિનું નામ સરનામું તથા પાસપોર્ટ, ડ્રાઈવીંગ લાયસન્સ, પાનકાર્ડ પુરાવા રૂપે સાથે આપવા.
૧	૨	૩	૪	૫	૬

આ હુકમ તા. ૧૫મી એપ્રિલ, ૨૦૨૦ના કલાક ૦૦:૦૦ થી તા. ૧૩મી જૂન, ૨૦૨૧ના કલાક ૨૪:૦૦ સુધી (બન્ને દિવસો સહીત) ૬૦ દિવસ માટે અમલમાં આવશે. આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સહીતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

વિસ્તાર

અમદાવાદ શહેર પોલીસ કમિશનરેટ હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

શિક્ષા

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશનરેટમાં ફરજ બજાવતા અનાર્મ હેડકોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાથી કોઈપણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઈસમો સામે આઈ.પી.સી. કલમ-૧૮૮ મુજબ ફરીયાદો માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ ૧૨મી એપ્રિલ, ૨૦૨૧ના રોજ મારી સહી અને સિક્કા કરી આપેલ છે.

વંચાણે લીધાઃ

(૧) ગુજરાત સરકાર ગૃહવિભાગના પત્ર ક્રમાંક : વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨ તા.૩૦/૩/૨૦૨૧ આધારે.

કરફ્યુ હુકમ

ભારતીય ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે

ક્રમાંકઃ વિ. શા/જાહેરનામું/એ-સેક્શન/૫૨/૨૦૨૧.–સમગ્ર દેશમાં COVID-19ની અસરો ધ્યાને લેતા National Disaster Management Authorityના નિર્દેશો મુજબ કેન્દ્રીય ગૃહ મંત્રાલયના તા.૨૩/૦૩/૨૦૨૧ ના હુકમ ક્રમાંક : 40-3/2020-DM-I(A) તથા ગુજરાત સરકારના ગૃહ વિભાગના ક્રમાંકઃ વિઃ૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨ (પા.ફા) તા. ૩૦/૩/૨૦૨૧ ના હુકમથી તા.૧/૪/૨૦૨૧ થી તા.૩૦/૪/૨૦૨૧ સુધી અમલમાં રહે તે રીતે Guideline for effective control of COVID-19 અમલમાં મુકવામાં આવેલ છે. ઉક્ત માર્ગદર્શિકા ઉપરાંત નિયત પ્રવૃત્તિઓ માટે કેન્દ્રીય ગૃહ મંત્રાલયો/વિભાગો તેમજ રાજ્ય સરકાર દ્વારા નિયત કરવામાં આવેલ SOPનું તમામે સુસ્તપણે પાલન કરવાનું જણાવેલ છે.

ગુજરાત સરકારના ઉપરોક્ત હુકમમાં જણાવ્યા મુજબ રાજ્યમાં પ્રવર્તમાન COVID-19ની પરિસ્થિતિ ધ્યાને લઈ અમદાવાદ શહેરમાં પોલીસ કમિશરેટ વિસ્તારમાં તા.૩૧/૩/૨૦૨૧ સુધી રાત્રિ કર્ફ્યુ અમલમાં છે. જે સંદર્ભે પુખ્ત વિચારણા બાદ ગુજરાત સરકારે અમદાવાદ શહેરમાં પોલીસ કમિશરેટ વિસ્તારમાં તા.૧/૪/૨૦૨૧ તા.૧૫/૪/૨૦૨૧ દરમ્યાન રાત્રિના ૯.૦૦ કલાકથી સવારના ૬.૦૦ કલાક સુધી રાત્રિ કર્ફ્યુ અમલમાં મુકેલ છે.

COVID-19ના સંક્રમણને રોકવા તથા તેને સંપુર્ણ પણે નાબુદ કરવા સાવચેતી તથા નિયત conteinment strategy નું પાલન કરવું આવશ્યક છે. જેથી surveillance, containment અને COVID-19 ના સંક્રમણને રોકવા અંગેની માર્ગદર્શિકાના ચુસ્તપણે અમલીકરણ માટે National Disaster Management Authority ના નિર્દેશો મુજબ તથા ગુજરાત સરકારના ઉક્ત હુકમમાં જણાવ્યા મુજબ અમદાવાદ શહેરમાં કોરોના સંક્રમણને રોકવા તથા તેને સંપૂર્ણ પણે નાબુદ કરવા પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાને લેતાં, લોકોમાં સ્વાસ્થ્ય, સુરક્ષા અને જાહેર જનતાના હિતને લક્ષમાં લઈ નીચે મુજબનો હુકમ જરૂરી જણાય છે.

આથી, હું સંજય શ્રીવાસ્તવ, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા.૮/૧૧/૧૯૮૨ના નોટીફીકેશન નં.જીજી/૪૨૨/સીઆરસી/૧૦૮૨/એમ તથા ગૃહ વિભાગના તા.૭/૦૧/૧૯૮૯ના સંકલીત જાહેરનામાં નં.જીજી/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ અન્વયે મને મળેલ સત્તાની રૂએ ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને-૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ મુજબ ફરમાવું છું કે, અમદાવાદ શહેરમાં પોલીસ કમિશરેટ વિસ્તારમાં તા.૧/૪/૨૦૨૧ થી તા.૧૫/૪/૨૦૨૧ દરમ્યાન દરરોજ રાત્રિના ૯.૦૦ કલાકથી સવારના ૬.૦૦ કલાક સુધી રાત્રિ કરફ્યુ મુકવામાં આવે છે. જેથી અમદાવાદ શહેરના રહેવાસીઓએ પોતાના રહેણાંક મકાનની બહાર નિકળવું નહી. તેમજ કોઈપણ માર્ગ, જાહેર રાહદારી રસ્તાઓ રાજમાર્ગો, શેરીઓ, ગલીઓ, પેટા ગલીઓમાં તથા જાહેર જગ્યાઓ ઉપર ઉભા રહેવું નહી અથવા પગપાળા કે વાહનો મારફતે હરવું-ફરવું નહી.

વિસ્તાર

અમદાવાદ શહેર પોલીસ કમિશનરેટ હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

અપવાદ

નીચે જણાવેલ સેવાઓ સાથે સંકળાયેલ વ્યક્તિઓ/સંસ્થાઓને ઉપરોક્ત હુકમ પાલનમાંથી મુક્તિ આપવામાં આવે છે.

૧. જાહેર ઉપયોગીતા જેવી કે પેટ્રોલીયમ સીએનજી, એલપીજી, પાણી, સ્વચ્છતા સહિતની સેવાઓ, વીજ ઉત્પાદન અને ટ્રાન્સમિશન એકમ, ટેલિકોમ્યુનિકેશન સર્વિસીસ, રાષ્ટ્રીય માહિતી કેન્દ્ર, પ્રારંભિક ચેતવણી એજન્સી.

૨. પોલીસ, હોમગાર્ડઝ, સિવિલ ડિફેન્સ, ફાયર એન્ડ ઈમરજન્સી સેવાઓ, ડિઝાસ્ટર મેનેજમેન્ટ, સંરક્ષણ કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળ, જેલો અને મ્યુનિસિપલ કોર્પોરેશનની આવશ્યક સેવાઓ.

૩. જાહેર અને ખાનગી ક્ષેત્ર સહિતના તમામ તબીબી સેવાઓ, મેડીકલ સ્ટોર તથા ઈ-કોમર્સ દ્વારા ફાર્માસ્યુટિકલ હોમ ડિલવરી.

૪. દૂધ વિતરણ.

૫. ઈલેક્ટ્રીક મીડીયા અને પ્રિન્ટ મીડીયા.

૬. ખાનગી સિકયુરીટી સેવાઓ.

૭. આવશ્યક ચીજવસ્તુઓના ઉત્પાદન એકમો, ફાર્માસ્યુટીકલ તથા જે ઉત્પાદન એકમોમાં સતત પ્રક્રિયાની જરૂર પડે છે.

૮. અંતિમ સંસ્કારના કિસ્સામાં, વીસ જેટલા વ્યક્તિઓ ભેગા થઈ શકે તે રીતે પરવાનગી આપી શકાશે.

૯. રેલ્વે અને એરપોર્ટ પર માલસામાનની હેરફેર માટેની પ્રવૃત્તિઓ.

૧૦. રેલ્વે અને હવાઈમાર્ગ અવર-જવર કરનાર મુસાફરોને લેવા તથા મુકવા માટે માન્ય ટીકીટ રજૂ કર્યેથી મંજુરી જે માટે જ ટેકસી તથા રેડિયો કેબ સેવાઓ ચાલુ રહેશે.

૧૧. ATM બેન્કીંગ ઓપરેશનના IT વેન્ડરો સહિત, ATM ઓપરેશન અને રોકડ વ્યવસ્થાપન એજન્સીઓ.

૧૨. તમામ પ્રકારના માલસામાનનું પરિવહન.

૧૩. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન મેન્ટેનન્સ વર્કસ તથા કેપિટલ વર્કસની સાથે સંકળાયેલા માણસો તથા વાહનો.

૧૪. ભારત સરકારના તથા ગુજરાત સરકારના વખતો વખતના સુધારા આદેશોને આધીન અપવાદો.

૧૫. પોલીસ કમિશનરશ્રી અમદાવાદ શહેરનાઓ તરફથી ફરજના ભાગરૂપે અનિવાર્ય સંજોગોમાં આવવા-જવા માટે ખાસ પરવાનો આપવામાં આવેલ હોય તેવા વ્યક્તિઓ.

૧૬. ઉપરોક્ત તમામ છુટછાટો સોશિયલ ડીસ્ટન્સીંગ, ફેસ કવર, હેન્ડ સેનીટાઈઝર વિગેરે સંબંધમાં COVID-19 ની માર્ગદર્શક સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાની શરતે આપવામાં આવે છે.

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ફોજદારી અધિનિયમ સને-૧૮૬૦ની કલમ-૧૮૮ અને લાગુ અન્ય કાનૂની જોગવાઇ સહિત, The Disaster Management Act, 2005 ની કલમ-૫૧ થી ૬૦ ની જોગવાઇઓ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશનરેટમાં ફરજ બજાવતા અનામ હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના કોઈપણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ફોજદારી અધિનિયમ સને- ૧૮૬૦ની કલમ-૧૮૮, અને લાગુ અન્ય કાનૂની જોગવાઈઓ સહિત, The Disaster Management Act,2005 ની કલમ ૫૧ થી ૬૦ મુજબ ફરીયાદ માંડવા માટે આધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ ૩૧મી માર્ચ, ૨૦૨૧ ના રોજ મારી સહી અને સિક્કા કરી આપેલ છે.

વંચાણે લીધા:

(૧) ગૃહ મંત્રાલય ભારત સરકારના હુકમ ક્રમાંક : 40-3/2020-DM-1(A) તા.૨૩/૩/૨૦૨૧ તથા

(૨) ગુજરાત સરકાર ગૃહવિભાગના પત્ર ક્રમાંક : વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨ તા.૩૦/૩/૨૦૨૧ આધારે.

જાહેરનામું

ભારતીય ફોજદારી કાર્યરિતી અધિનિયમ- ૧૯૭૩ (૧૯૭૪ના નં.૨) ની કલમ-૧૪૪ અન્વયે

વિ. શા./-જાહેરનામું/એ-સેકશન/૫૨મીટ/૫૩/૨૦૨૧.–સમગ્ર દેશમાં (COVID-19) ની અસરોને નિયંત્રિત કરવાના હેતુથી The Disaster Management Act-2005 થી મળેલ સત્તા અન્વયે કેન્દ્રીય ગૃહ મંત્રાલયના તા. ૨૪-૦૩-૨૦૨૦ ના હુકમ ક્રમાંકઃ 40-3/2020-DM-1(A) થી સમગ્ર દેશમાં તારીખ ૨૫-૦૩-૨૦૨૦ થી ૨૧ દિવસ સુધી આવશ્યક સેવાઓ સિવાયની તમામ સેવાઓ મોકૂફ રાખવામાં આવેલ.

ત્યારબાદ સમગ્ર દેશમાં COVID-19ના Active Casesની સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો નોંધાયેલ છે. તેમ છતા (COVID-19)ના સંક્રમણને રોકવા તથા તેને સંપુર્ણપણે નાબુદ કરવા સાવચેતી તથા નિયત Containment Strategy નું પાલન કરવું આવશ્યક જણાય છે. જેથી Surveillance, Containment અને COVID-19 ના સંક્રમણને રોકવા અંગેની માર્ગદર્શીકાના ચુસ્તપણે અમલીકરણ માટે રાષ્ટ્રિય આપત્તિ વ્યવસ્થાપન ઓથોરીટી (National Disaster Management Authority) ના નિર્દેશો મુજબ કેન્દ્રીય ગૃહ મંત્રાલયના તા. ૨૭-૦૧-૨૦૨૧ના હુકમ ક્રમાંકઃ 40-3/2020-DM-1(A) થી તા.૧/૨/૨૦૨૧ થી અમલમાં આવે તે રીતે માર્ગદર્શિકા અમલમાં મુકવામાં આવેલ. સદર માર્ગદર્શિકાની સમય મર્યાદા કેન્દ્રીય ગૃહ મંત્રાલયના તા.૨૬/૨/૦૨૧ના હુકમ ક્રમાંક : 40-3/2020-DM-1(A) થી તા.૩૧/૩/૨૦૨૧ સુધી લંબાવવામાં આવેલ છે.

રાષ્ટ્રિય આપત્તિ વ્યવસ્થાપન ઓથોરીટી (N. D. M. A.) ના દિશા નિર્દેશનુસાર કેન્દ્રીય ગૃહ મંત્રાલયના ક્રમાંકઃ 40-3/2020-DM-1(A) તા. ૨૩-૦૩-૨૦૨૧ તથા ગુજરાત સરકારના ગૃહ વિભાગના

ક્રમાંક : વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨ (પા.ફા) તા.૩૦/૩/૨૦૨૧ના હુકમથી તા.૧/૪/૨૦૨૧ થી તા.૩૦/૪/૨૦૨૧ સુધી અમલમાં રહે તે રીતે Guideline for effective control of COVID-19 અમલમાં મુકવામાં આવેલ છે. ઉક્ત માર્ગદર્શિકા ઉપરાંત નિયત પ્રવૃત્તિઓ માટે કેન્દ્રીય ગૃહ મંત્રાલયો/વિભાગો તેમજ રાજ્ય સરકાર દ્વારા સરકાર દ્વારા નિયત કરવામાં આવેલ SOPનું તમામે ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

આથી, હું સંજય શ્રીવાસ્તવ, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગ ના તા. ૦૮-૧૧-૧૯૮૨ ના નોટીફીકેશન નં. જીજી/૪૨૨/સીઆરસી/૧૦૮૨/એમ તથા ગૃહ વિભાગના તા. ૦૭-૦૧-૧૯૮૯ ના સંકલીત જાહેરનામાં નં. જીજી/ફઅક/૧૦૮૮/૬૭૫૦/મ અનુસંધાને અન્વયે મળેલ સત્તાની રૂએ ફોજદારી કાર્યરિતી અધિનિયમ સને- ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ મુજબ તા. ૦૧-૦૪-૨૦૨૧ના કલાક ૦૦-૦૦ વાગ્યાથી તા. ૩૦-૦૪-૨૦૨૧ ના કલાક ૨૪-૦૦ વાગ્યા સુધી જાહેરનામું પ્રસિદ્ધ કરી નીચે મુજબ હુકમ કરૂ છું.

હુકમ

A. તા. ૩૦-૦૪-૨૦૨૧ સુધી કન્ટેઈનમેન્ટ ઝોન/માઈક્રો કન્ટેઈનમેન્ટ ઝોનમાં ફક્ત આવશ્યક ગતિવિધીઓ ચાલુ રહેશે.

૧.(૧) COVID - Appropriate Behaviour

૧. સ્થાનિક સત્તાધીશોએ COVID 19- appropriate behaviour ને ઉત્તેજન આપવા તેમજ યોગ્ય રીતે ચહેરાને ઢાંકવા, Hand, Hygiene તેમજ સોશિયલ ડીસ્ટન્સીંગના પાલનને સુનિશ્ચિત કરવા માટે જરૂરી તમામ પગલા લેવાના રહેશે.

૨. આ સાથે સામેલ Annexure-1 માં દર્શાવેલ national Directive for COVID-19 Management નું અમદાવાદ શહેર વિસ્તારમાં ચુસ્ત પણે પાલન કરવાનું રહેશે.

૧.(૨) Surveillance And Containment

૧. સ્થાનિક સત્તાધિશોએ જરૂરીયાત જણાયે આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય, ભારત સરકાર તથા આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત સરકારની વખતો વખતની માર્ગદર્શિકાઓ ધ્યાને લઈ કાળજી પુર્વક કન્ટેઈનમેન્ટ ઝોન જાહેર કરવાના રહેશે. જાહેર કરેલા કન્ટેઈનમેન્ટ ઝોનમાં Containment Measures નું ચુસ્તપણે સમગ્રતયા પાલન કરવાનું રહેશે.

૨. પોલીસ તથા સ્થાનિક મંડળોએ નિયત Containment Measures નું ચુસ્તપણે સમગ્રયતા પાલન કરવાનું રહેશે.

૧.(૩) નિયત SOP નું ચુસ્તપણે પાલન

(એ) Containment Zone સિવાયના વિસ્તારોમાં નિયત કરવામાં આવેલ SOP નું ચુસ્તપણે પાલન કરવાની શરતે તમામ પ્રવૃત્તિઓ ચાલુ રાખી શકાશે.

(બી) કન્ટેઈનમેન્ટ ઝોન સિવાયના વિસ્તારોમાં સામાજિક, શૈક્ષણિક, રમત-ગમત મનોરંજન, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ધાર્મિક, રાજકીય સમારોહ તથા Other Congregation/Large Gathering સંદર્ભે નીચે મુજબની સુચનાઓનું પાલન કરવાનું રહેશે.

(૧) Adequate Physical distancing અને તેના માટે Floor Marking કરવાનું રહેશે.

(૨) સમગ્ર સમારંભ દરમ્યાન ચહેરાને યોગ્ય રીતે તમામ સમયે ઢાંકી રાખવાનો રહેશે.

(૩) થર્મલ સ્કીનીંગ, ઓક્સિમીટર, સેનેટાઈઝરની સગવડતા પૂરી પાડવાની રહેશે. સ્ટેજ, માઈક, સ્પીકર, તેમજ ખુરશીઓને સમયાંતરે સેનેટાઈઝ કરવાના રહેશે.

(૪) હેન્ડ વોશ, સેનેટાઈઝરની સુવિધાનો તમામે ફરજીયાત અમલ કરવાનો રહેશે.

(૫) સમારંભ દરમ્યાન થુંકવા તેમજ પાન મસાલા, ગુટખાના સેવન પર સંપુર્ણપણે પ્રતિબંધ રહેશે.

(૬) ૬૫ થી વધુ વયના વયસ્ક નાગરીકો, ૧૦ વર્ષથી ઓછી ઉમરનાં બાળકો, સગર્ભા મહિલાઓ તેમજ અન્ય બિમારીઓથી પીડિત વ્યક્તિઓએ આ પ્રકારના સમારંભમાં ભાગ ન લે તે સલાહભર્યુ છે.

(૭) આરોગ્ય સેતુનો ઉપયોગ થાય તે હિતાવહ રહેશે.

(૮) બેઠક વ્યવસ્થા ગોઠવતા સમયે Adequate distance જળવાઈ રહે તેની તકેદારી રાખવાની રહેશે.

(૯) તમામ કાર્યક્રમો દરમ્યાન તબીબી સુવિધાઓ તુર્તજ ઉપલબ્ધ થાય તે માટે જરૂરી પ્રબંધ કરવાનો રહેશે.

(૧૦) કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયના તા. ૦૪-૦૬-૨૦૨૦ના હુકમ ક્રમાંક: Z28015/19/2020-EMR(Pt) થી ધાર્મિક સ્થળો મોલ્સ, રેસ્ટોરંટ, હોટલ, અતિથ્ય એકમો સંદર્ભમાં બહાર પાડવામાં આવેલ SOP નું ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૧૧) એરકન્ડીશનીંગ/વેન્ટીલેશન માટે સી.પી. ડબલ્યુ ડી. ની માર્ગદર્શિકાનું પાલન કરવાનું રહેશે.

(સી) લગ્ન/સત્કાર સમારોહ જેવા પ્રસંગો સંબંધમાં ખુલ્લા સ્થળો / બંધ સ્થળોને સ્થળની ક્ષમતાના ૫૦% થી વધુ નહિ પરંતુ મહત્તમ ૨૦૦ વ્યક્તિઓની મર્યાદામાં સમારોહ/ પ્રસંગનું આયોજન કરી શકશે. આ અંગે Digital Gujarat Portal (www.digitalgujarat.gov.in) પર Online Registration for Organizing Marriage Function નામના Software પર Online અરજી કરવાની રહેશે.

(ડી) મૃત્યુ બાદની અંતિમ ક્રિયા/ધાર્મિક વિધિમાં મહત્તમ ૫૦ વ્યક્તિઓની મર્યાદા રહેશે.

(ઈ) હોલ, હોટલ, બેન્કવેટ હોલ, રેસ્ટોરેન્ટ, ઓડીટોરીયમ, કમ્યુનીટી હોલ, ટાઉન હોલ, જ્ઞાતિની વાડી વિગેરે જેવા બંધ સ્થળે સામાજિક,

શૈક્ષણિક, રમતગમત, મનોરંજન સાંસ્કૃતિક, પ્રવૃત્તિઓ ધાર્મિક, રાજકીય સમારોહ તથા Other Congregation/Large Gathering નું સ્થળની ક્ષમતાના ૫૦% ની મર્યાદામાં સમારોહ પ્રસંગનું આયોજન કરી શકાશે.

(એફ) જ્યારે પાર્ટી પ્લોટ, ખુલ્લા મેદાનો, સોસાયટીના કોમન પ્લોટ કે અન્ય ખુલ્લા સ્થળોએ સામાજિક, શૈક્ષણિક રમત-ગમત, મનોરંજન, સાંસ્કૃતિક પ્રવૃતિઓ, ધાર્મિક તથા Other Congregation નું જ્યારે આયોજન કરવામાં આવે ત્યારે પારા (બી)માં દર્શાવેલ બાબતોનો ચુસ્તપણેઅમલ કરવાનો રહેશે.

૨. અમદાવાદ શહેરમાં આવેલ, ધાર્મિક સ્થળો, હોટેલ અને રેસ્ટેરોરન્ટ, અતિથ્ય એકમો, શોપીંગ મોલ, કચેરીઓ સંદર્ભમાં કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયના તા. ૦૪-૦૬-૨૦૨૦ના હુકમથી બહાર પાડવામાં આવેલ SOP નું તથા ધાર્મિક સ્થળો બાબતે ગૃહ વિભાગના તા. ૦૭-૦૬-૨૦૨૦ના હુકમ ક્રમાંક વિ-૧/ કઅવ/૧૦૨૦૨૦/૪૮૨ થી બહાર પાડવામાં આવેલ SOP નું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૩. સિનેમા હોલ તથા થિયેટર સંદર્ભે Ministry of Information & Broadcasting Government of India દ્વારા કેન્દ્રીય ગૃહ મંત્રાલયના પરામર્શમાં બહાર પાડવામાં આવનાર SOP અન્વયે રાજ્યના માહિતી અને પ્રસારણ વિભાગ દ્વારા ઉક્ત SOP ને ધ્યાને લઈ જે કોઈ સુચનાઓ પ્રસિદ્ધ કરવામાં આવે તેનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૪. સ્વિમિંગપુલ સંદર્ભમાં Ministry of youth Affairs & Sports, Government Of India દ્વારા કેન્દ્રીય ગૃહ મંત્રાલયના પરામર્શમાં બહાર પાડવામાં આવનાર SOP અન્વયે રાજ્યના યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગના દ્વારા ઉક્ત SOP ને ધ્યાને લઈ જે કોઈ સુચનાઓ પ્રસિદ્ધ કરવામાં આવે તેનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૫. એક્ઝીબિશન હોલ, સંદર્ભમાં Department Of Commerce, Government of India દ્વારા કેન્દ્રીય ગૃહ મંત્રાલયના પરામર્શમાં બહાર પાડવામાં આવનાર SOP અન્વયે રાજ્યના ઉદ્યોગ અને ખાણ વિભાગ દ્વારા ઉક્ત SOP ને ધ્યાને લઈ જે કોઈ સુચનાઓ પ્રસિદ્ધ કરવામાં આવે તેનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૬. અન્ય જુદી- જુદી પ્રવૃત્તિઓ જેવી કે ટ્રેન મારફતે મુસાફરોને અવર-જવર, હવાઈ મુસાફરી, મેટ્રો ટ્રેન, શાળાઓ, ઉચ્ચ શિક્ષણની શૈક્ષણિક સંસ્થાઓ, યોગા સેન્ટર, જિમ્નેશિયમ સંબંધમાં કેન્દ્ર સરકાર તેમજ રાજ્ય સરકારના સંબંધિત વિભાગો દ્વારા જાહેર કરવામાં આવેલ SOP નું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૭. જાહેરમાં થુંકવા તથા જાહેરમાં યોગ્ય રીતે ચહેરો ન ઢાંકવા બદલ રાજ્ય સરકાર દ્વારા વખતો-વખતના હુકમથી નિયત કરવામાં આવેલ દંડને પાત્ર થશે.

૮. કેન્દ્ર સરકારના તા. ૨૫-૧૧-૨૦૨૦ના હુકમ સાથેના Annexure-1 માં જણાવવામાં આવેલ The National Directives For COVID-19નું તમામે ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૯. કેન્દ્રીય ગૃહ મંત્રાલય તથા ગુજરાત સરકારના વખતો વખતના હુકમોથી આપવામાં આવેલ આદેશો તથા માર્ગદર્શક સુચનાઓ આખરી રહેશે અને તમામે ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

વિસ્તાર

અમદાવાદ શહેર પોલીસ કમિશનરેટ હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ફોજદારી અધિનિયમ સને- ૧૮૬૦ ની કલમ ૧૮૮, અને લાગુ અન્ય કાનૂની જોગવાઈઓ સહિત, The Disaster Management Act- 2005 ની કલમ ૫૧ થી ૬૦ ની જોગવાઈઓ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશરેટમાં ફરજ બજાવતા અનાર્મ હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના કોઈ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનનાર ઈસમો સામે ભારતીય ફોજદારી અધિનિયમ સને- ૧૮૬૦ ની કલમ-૧૮૮ અને લાગુ અન્ય કાનૂની જોગવાઈઓ સહિત, The Disaster Management Act, 2005 મુજબ તથા જી. પી. એક્ટ કલમ- ૧૩૫ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ ૩૧મી માર્ચ, ૨૦૨૧ના રોજ મારી સહી અને સિક્કા કરી આપેલ છે.

સંજય શ્રીવાસ્તવ,
પોલીસ કમિશનર,
અમદાવાદ શહેર.

વંચાણે લીધા:

(૧) ગુજરાત સરકાર ગૃહ વિભાગના હુકમ ક્રમાંક: વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/ ૪૮૨, તા. ૨૪/૦૩/૨૦૨૧.

હુકમ

ફોજદારી કાર્યરિતી અધિનિયમ- ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

ક્રમાંક: જી/સીપી/વિ.શા/હોળી જાહેરનામું/૧૬૨૫/૨૦૨૧.—આગામી તારીખ ૨૮મી માર્ચ, ૨૦૨૧ના રોજ હોળી અને તારીખ ૨૯મી માર્ચ, ૨૦૨૧ના રોજ ધુળેટીની ઉજવણી કરવામાં આવનાર છે. હાલમાં પ્રવર્તમાન કોવિડ-૧૯ની પરિસ્થિતી ધ્યાને લેતાં સામાન્ય સંજોગોમાં હોળી-ધુળેટીના તહેવારોની ઉજવણી માટે લોકો સોસાયટી, શેરી, નાકા, જાહેર સ્થળો,

ખુલ્લા મેદાનો તથા રસ્તાઓ પર મોટી સંખ્યામાં એકત્રિત થતા હોય છે. મોટી સંખ્યામાં લોકો એકત્રિત થવાથી કોરોના સંક્રમણ વધવાની શક્યતા છે. તેમજ આ તહેવારોની ઉજવણી દરમ્યાન જાહેર જગ્યાઓએ જતા આવતા રાહદારીઓ તથા વાહનોમાં જતા આવતા શખ્સો ઉપર કાદવ, કિચડ, રંગ, કેમીકલ અથવા રંગ મિશ્રિત કરેલ પાણી અથવા તૈલી અથવા આવી બીજી કોઈ વસ્તુઓ ફેંકવાની શક્યતા છે. આવા કૃત્યોથી જાહેર અડચણ, ત્રાસ અથવા ઈજા થવાની અથવા જાહેર સુહેહ શાંતિનો ભંગ થવાની શક્યતા નકારી શકાય નહીં. જેથી નીચે જણાવેલ કૃત્યો તાત્કાલિક અટકાવવાનું જરૂરી જણાય છે.

તેથી હું ડૉ. શમશેરસિંહ સિંઘ, I.A.S., પોલીસ કમિશનર, વડોદરા શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૦૮/૧૧/૧૯૮૨ના નોટીફીકેશન નં. જીજી/૪૨૨/સીઆરસી/૧૦૮૨/એમ તથા ગૃહ વિભાગના તારીખ ૭મી જાન્યુઆરી, ૧૯૮૯ના સંકલીત જાહેરનામા નં. જીજી/ ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ અન્વયે મને મળેલ સત્તાની રૂએ ફોજદારી કાર્યરીતી અધિનિયમન સને ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ મુજબ તારીખ ૨૭મી માર્ચ, ૨૦૨૧ના કલાક ૦૦/૦૦ થી તારીખ ૨જી એપ્રિલ, ૨૦૨૧ના કલાક ૨૪/૦૦ વાગ્યા સુધી જાહેરનામું પ્રસિદ્ધ કરી નીચે મુજબ હુકમ કરૂ છું.

હુકમ

(૧) હોળીના તહેવાર સબંધે પરંપરાગત રીતે મર્યાદીત સંખ્યા સાથે હોળી પ્રગટાવી શકાશે. તેમજ હોળીની પ્રદક્ષિણાની સાથે સાથે ધાર્મિક વિધી પણ કરી શકશે. પરંતુ હોળી દહનના કાર્યક્રમ દરમ્યાન ભીડ એકત્રિત ન થાય કોરોના સબંધમાં પ્રવર્તમાન ગાઈડલાઈનનું ચુસ્ત પણે પાલન થાય તે અંગે આયોજકોએ તકેદારી રાખવાની રહેશે.

(૨) ધુળેટીના દિવસે જાહેરમાં ઉજવણી અને સામુહિક કાર્યક્રમ પર પ્રતિબંધ રહેશે.

(૩) તારીખ ૨૭/૦૩/૨૦૨૧ થી તારીખ ૦૨/૦૪/૨૦૨૧ સુધી (બંને દિવસો સહિત) કોઈપણ વ્યક્તિઓ જાહેર જગ્યાએ આવતા જતા રાહદારીઓ ઉપર અથવા મકાનો અથવા મિલ્કતો/વાહનો ઉપર અથવા વાહનોમાં જતા આવતા શખ્સો ઉપર કાદવ, કિચડ, રંગ કેમીકલ અથવા રંગ મિશ્રિત કરેલ પાણી અથવા તૈલી અથવા આવી બીજી કોઈ વસ્તુઓ નાંખવી કે નંખાવવી નહીં અથવો હોળી ધૂળેટીના પૈસા (ગોઠ) ઉઘરાવવા નહીં.

અમલવારી વિસ્તાર

વડોદરા શહેરના પોલીસ કમિશનરની હકુમત હેઠળના સમગ્ર વિસ્તાર

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ના અધિનિયમ-૪૫ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે વડોદરા કમિશનરેટમાં ફરજ બજાવતા અધિક પોલીસ કમિશનરશ્રીના દરજ્જાથી પો.સ.ઈ. સધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઈસમો સામે સી.આર. પી.સી. કલમ-૧૮૮ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ ૨૫મી માર્ચ, ૨૦૨૧ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

હુકમ

ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ (૧૯૭૪ ના નં.૨) કલમ.૧૪૪ અન્વયે તથા ગુજરાત પોલીસ અધિનિયમ એકટ સને-૧૯૫૧ ની કલમ-૬૩(એ) (૨) અન્વયે

ક્રમાંકઃ G/CP/ વિ.શા./ગણવેશ/વેચાણ/૧૬૨૭/૨૦૨૧.–ભૂતકાળમાં પઠાણકોટ પંજાબ ખાતે આવેલ એરફોર્સ સ્ટેશન ઉપર આતંકવાદીઓ સૈન્યના ગણવેશ ધારણ કરી હુમલો કરેલ હતો. તેમજ બનાસકાંઠા જિલ્લામાં પણ બે વ્યકિતઓ સૈન્ય ગણવેશ પહેરી ગેરકાયદેસર રીતે દારૂની હેરાફેરી કરતાં પકડાયેલા અને આ સિવાય અગાઉ પણ સૈન્યના ગણવેશમાં આવીને આંતકવાદીઓ દ્વારા હુમલા કરવામાં આવેલ છે.

રાજયમાં વિવિધ શહેર/જિલ્લાઓ ખાતે સૈન્ય તથા અન્ય દળોના ગણવેશ તથા તેની સાથે સામ્યતા ધરાવતાં વસ્ત્રોનું વેચાણ તથા તેનો ઉપયોગ થતો હોય છે. આવા વસ્ત્રો ધારણ કરી અસામાજીક તત્ત્વો દ્વારા દેશદ્રોહી/ગેરકાયદેસર પ્રવૃત્તિ માટે ઉપયોગ થવાનો સંભવ હોય છે. જેના કારણે રાષ્ટ્રીય સુરક્ષાને ગંભીર ખતરો ઉદભવી શકે છે. જેથી આ બાબતે સુરક્ષાના પરિપ્રેક્ષ્યમાં ઘણી ગંભીર પ્રકારની હોઈ, બજારમાં બિન અધિકૃત રીતે વેચાતા તથા ઉપયોગમાં લેવાતા સશસ્ત્ર દળોના ગર્ણીવેશ(પોશાક) તથા લગતી અન્ય ચીજ-વસ્તુઓ ઉપર પ્રતિબંધ લાવવો ખુબ જ જરૂરી છે. જેથી સૈન્ય તથા સશસ્ત્ર દળોના ગણવેશનો બિનઅધિકૃત રીતે વેચાણ તથા તેના ઉપયોગ બદલ ભારતીય દંડ સંહિતા ૧૮૬૦ ની કલમ-૧૪૦, ૧૭૦, અને ૧૭૧ માં જોગવાઈઓ કરવામાં આવેલ છે.

જેથી સૈન્ય તેમજ અન્ય સશસ્ત્ર દળોના ગણવેશ, પોલીસ ગણવેશ તથા તેના સાથે સામ્યતા ધરાવતાં વસ્ત્રોના વેચાણ, ભાડે, ઉપયોગ કરવા ઉપર પ્રતિબંધ મુકવો જરૂરી અને અનિવાર્ય હોય, જેથી આ સંબંધેનું જાહેરનામું ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ (૧૯૭૪ ના નં.૨) કલમ.૧૪૪ અન્વયે તથા ગુજરાત પોલીસ અધિનીયમ સને-૧૯૫૧ ની કલમ-૬૩ (એ)(૨) થી મળેલ સત્તાની રૂએ હુ ડો. શમશેર સિંઘ, (I.P.S.), પોલીસ કમિશનરશ્રી, વડોદારા શહેર, આથી હુકમ કરૂ છું, વડોદરા શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારમાં સૈન્ય તથા અન્ય શસત્રદળોના ગણવેશ, પોલીસ ગણવેશ તથા તેની સાથે સામ્યતા ધરાવતાં વસ્ત્રોનું વેચાણ તથા તેના ઉપયોગ સંબંધિત પોલીસ સ્ટેશનમાં જરૂરી માહિતી આપ્યા સિવાય પ્રતિબંધ ફરમાવું છું.

જેથી સશસ્ત્ર દળોના ગણવેશ (પોશાક) તથા લગતી અન્ય ચીજ-વસ્તુઓના વેચાણ/ભાડે/ઉપયોગ માટે આ સાથે નીચે જણાવેલ કોલમ મુજબની જરૂરી માહિતી જે તે પોલીસ સ્ટેશનમાં આપવાની રહેશે તેમજ તે અંગેનું રજિસ્ટર વેચાણ કરનાર વ્યકિત/સંસ્થાએ નિભાવવાનું રહેશે.

ભાડે/વેચાણ લઈ જનારની વિગત						સાધનોની વિગત		ભાડે/વેચાણ આપ્યાની વિગત		ભાડે લઈ જનારની સહિ
અનું. નં.	ભાડે/વેચાણ લેનારનું નામ, સરનામું	મો. નં.	હેતુ	વિસ્તાર	આઈ. ડી. પ્રુફની વિગત	વિગત	સંખ્યા	ભાડે આપવાની તારીખ	સમય	
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧

અમલવારીનો સમય

આ જાહેરનામાનો અમલ તા. ૨૭મી માર્ચ, ૨૦૨૧ના કલાક ૦૧-૦૦ થી તારીખ ૧૦મી એપ્રિલ, ૨૦૨૧ના કલાક ૨૪-૦૦ સુધીનો રહેશે.

અપવાદ

જે વ્યકિતઓ ભારત સરકારના સૈન્ય તથા અન્ય સશસ્ત્ર દળોમાં ફરજ બજાવતાં હોય અને જે તે સૈન્ય તથા અન્ય સશસ્ત્ર દળોમાં તેઓને આ પ્રકારના ગણવેશ ઈસ્યુ કરવામાં આવેલ હોય તે તમામ વ્યકિતઓને આ ગણવેશના ઉપયોગ માટે જાહેરનામામાંથી મુકિત આપવામાં આવે છે.

શિક્ષા

આ જાહેરનામાનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર અથવા તે માટે મદદ કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની કલમ-૧૪૩ (એ) (૨) હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તારીખ ૨૫મી માહે માર્ચ, ૨૦૨૧ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

હુકમ

ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે તથા ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૩) મુજબ કાઢેલ.

ક્રમાંક G/CP/વિ.શા./અનઅધિકૃત વ્યકિત/૧૬૨૬/૨૦૨૧.–પોલીસ કમિશનરશ્રી, વડોદરા શહેરના કાર્યક્ષેત્ર હેઠળના વિસ્તાર જેવા કે જિલ્લા કલેકટર કચેરી (કોઠી), કુબેર ભવનમાં આવેલ સરકારી કચેરીઓ, જિલ્લા ન્યાયાલયની કચેરી, જિલ્લા પંચાયત કચેરી, મહાનગર સેવા સદન તેમજ જન સેવા કેન્દ્ર, નર્મદા ભવનમાં આવેલ સરકારી કચેરીઓ પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીની કચેરીઓ વિગેરેમાં જાહેર જનતાને લગતી કામગીરી કરવામાં આવે છે. આ સિવાયની અન્ય સરકારી કચેરીઓમાં પણ રોજે-રોજ મોટા પ્રમાણમાં જાહેર જનતા પોતાના કામ માટે આવતી હોય છે. તાજેતરમાં કેટલાંક બનાવો ઉપરથી ઉકત તમામ કચેરીની આસપાસ તથા નજીકના સ્થળે કેટલાક ઈસમો એકલા અથવા ટોળી બનાવીને જાહેર જનતાની છેતરપીંડી કરી પૈસા પડાવે છે, અથવા તો ગેરકાયદેસરની પ્રવૃત્તિઓ કરી ઉલટી-સીધી વાતો કરી જાહેર જનતાને ગેરમાર્ગે દોરી કામ કરાવવા જેવી પ્રવૃત્તિઓ કરી રહેલ હોવાનું જણાય આવેલ છે.

વાસ્તે હું, ડૉ. શમશેર સિંઘ, I.P.S., પોલીસ કમિશનર, વડોદરા શહેર, ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨) ની કલમ-૧૪૪ અન્વયે તથા ગુજરાત પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭(૩) અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે,

પોલીસ કમિશનરશ્રી, વડોદરા શહેરના કાર્યક્ષેત્ર હેઠળના વિસ્તારમાં જેવી કે જિલ્લા કલેકટરની કચેરી (કોઠી), કુબેર ભવનમાં આવેલ સરકારી કચેરીઓ, જિલ્લા ન્યાયાલયની કચેરી, જિલ્લા પંચાયત કચેરી, મહાનગર સેવા સદન તેમજ જન સેવા કેન્દ્ર, નર્મદા ભવનમાં આવેલ સરકારી કચેરીઓ, પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીની કચેરીઓ વિગેરેમાં જાહેર જનતાને લગતી કામગીરી કરવામાં આવે છે. તેમજ જ્યાં રોજે-રોજ મોટા પ્રમાણમાં જાહેર જનતા પોતાના કામ માટે આવતી હોય તેવી વડોદરા શહેરની અન્ય તમામ સરકારી કચેરીઓમાં સરકારી કામ માટે આવેલા હોય, કામ કરતા હોય તેવા વ્યાજબી કામ સબબ આવેલા હોય, તે સિવાયના અનઅધિકૃત ઈસમો કે ઈસમોની ટોળી સદરહું કચેરીમાં આવતી જાહેર જનતા અરજદારોને ગેરમાર્ગે દોરી કામ કરાવવા જેવી પ્રવૃત્તિ કરી રહેલ અનઅધિકૃત વચેટીયા કામ કરતાં ઈસમોના પ્રવેશ ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

અમલવારીનો સમય

આ જાહેરનામાનો અમલ તારીખ ૨૭મી માર્ચ, ૨૦૨૧ના કલાક ૦૧-૦૦ થી તારીખ ૧૦મી એપ્રિલ, ૨૦૨૧ના કલાક ૨૪-૦૦ સુધી અમલમાં રહેશે.

અમલવારીનો વિસ્તાર

વડોદરા શહેર પોલીસ કમિશનરશ્રીની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

શિક્ષા

આ જાહેરનામાનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર અથવા તે માટે મદદ કરનારને ભારતીય ફોજદારી અધિનિયમ સને ૧૯૬૦ની કલમ-૧૮૮

હેઠળ અને ગુજરાત પોલીસ અધિનિયમ સને. ૧૯૫૧ની કલમ-૧૩૫ની પેટા કલમ-(૩) હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે વડોદરા શહેર કમિશનરેટમાં ફરજ બજાવતાં પોલીસ સબ ઈન્સ્પેક્ટર અને તેનાથી ઉપરના દરજ્જાના કોઈપણ પોલીસ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ઈ.પી.કો કલમ-૧૮૮ તેમજ જી.પી.એક્ટ કલમ-૧૩૫(૩) મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજરોજ તારીખ ૨૫મી માહે માર્ચ, ૨૦૨૧ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ-૧૪૪ તેમજ ગુજરાત પોલીસ એક્ટની કલમ -૩૩ (૧), ૩૭ (૧) (એફ) અન્વયે.

ક્રમાંક G/CP/વિશા/જાહેરનામું/ધ્વનિ પ્રદૂષણ/૧૬૨૮/૨૦૨૧.- વડોદરા શહેરમાં કોઈપણ પ્રકારની જાહેર સુલેહ શાંતીનો ભંગ ન થાય અને જાહેર શાંતિ સલામતી અને કાયદા પ્રત્યે માન જળવાય તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે નીચે જણાવ્યા મુજબના નિયમોને આધિન રહી જાહેરહિતમાં નીચેના કૃત્યોની મનાઈ કરવી જરૂરી છે.

દરેક માઈક સીસ્ટમવાળાએ અવાજના પ્રદુષણને અટકાવવા અંગે નામદાર સુપ્રિમકોર્ટના વખતોવખતના ચુકાદાના નિર્દેશો તથા ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ પર્યાવરણ ભવનના નં. ગુ.પ્રનિબોર્ડ/નોઈસ/યુનિટ-૪/જન-પીએન-૫/૫૧૨૫૨/ તા. ૧૪-૫-૨૦૧૦ થી ઘોંઘાટ ઉત્પન્ન કરતા અને નિપજાવતા સ્ત્રોતોના નિયંત્રણ અને નિયમન માટે ભારત સરકારના પર્યાવરણ અને વન મંત્રાલય દ્વારા પર્યાવરણ (સુરક્ષા) અધિનિયમ, ૧૯૮૬ની કલમ-૬ તથા ૨૫ હેઠળ ધ્વનિ પ્રદૂષણ (નિયમન અને નિયંત્રણ) નિયમો ૨૦૦૦ નું તા. ૧૪મી ફેબ્રુઆરી, ૨૦૦૦ નું જાહેરનામું પ્રસિધ્ધ કરાયેલ છે. જેમાં તા. ૧૧-૧-૨૦૧૦ ના રોજ આ નિયમોમાં સુધારો કરવામાં આવેલ છે. જે પ્રમાણે ધ્વનિની પ્રદૂષણ નિયમો, ૨૦૦૦ અન્વયે ધ્વનિની માત્રાના ધોરણો નીચે મુજબ નક્કી કરવામાં આવેલ છે તેનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

નોઈઝ સ્ટાન્ડર્ડ

એરીયા કોડ	વિસ્તાર	ડેસીબલ DB(A) Leq	
		સવારના ક.૬-૦૦ થી રાત્રીના ક.૨૨-૦૦	રાત્રીના ક.૨૨-૦૦ થી સવારના ક. ૬-૦૦
એ	ઔદ્યોગિક	૭૫	૭૦
બી	વાણિજ્ય	૬૫	૫૫
સી	રહેણાંક	૫૫	૪૫
ડી	શાંત વિસ્તાર	૫૦	૪૦

સામાન્ય રીતે દિવાળીમાં ફટાકડા ફુટવાના કારણે અને તહેવારો દરમ્યાન તેમજ લગ્ન પ્રસંગો અને મેળાવડા દરમ્યાન લાઉડસ્પીકર, ડ્રમ, પબ્લીક એડ્રેસ સીસ્ટમના ઉપયોગથી ધ્વનિ પ્રદૂષણ ફેલાતું જોવા મળે છે. તેમજ રહેણાંક વિસ્તારમાં થઈ રહેલ ઔદ્યોગિક પ્રવૃત્તિ, વાહનોની અવર-જવર તેમજ હોર્ન વગાડવાના કારણે તેમજ બાંધકામ દરમ્યાન ઉપયોગમાં લેવાતા સાધનોના કારણે પણ ધ્વનિ પ્રદૂષણ ફેલાતું જોવા મળે છે.

તા. ૧૧મી જાન્યુઆરી, ૨૦૧૦ ના સુધારામાં આવરી લેવાયેલ મુખ્ય ધ્યાન આકર્ષક બાબતો નીચે મુજબ છે.

(અ) રાત્રિના સમયગાળામાં રાત્રિના ક.૨૨-૦૦ થી સવારના ક.૬-૦૦ સુધીનો નિયત કરાયેલ છે અને આ સમયગાળા દરમ્યાન હોર્ન, ધ્વનિ, પ્રદૂષણ પેદા કરતા બાંધકામ અંગેના સાધનો, તેમજ ફટાકડા ફોડવા તથા લાઉડસ્પીકર અને વાજિંત્રો વગાડવા ઉપર પ્રતિબંધ છે.

(બ) જાહેર સ્થળોની વ્યાખ્યા નક્કી કરાયેલ છે અને જાહેર સ્થળનો કબજો ધરાવનાર દ્વારા લાઉડસ્પીકર સિસ્ટમનો તથા અન્ય સાધનોથી ઉત્પન્ન થતાં અવાજની માત્રા જેતે વિસ્તારની નિયત માત્રા કરતાં ૧૦ ડીબી(એ) થી વધવી ન જોઈએ, તેવો પ્રતિબંધ મુકાયો છે.

(ક) ઉપર મુજબ ખાનગી સ્થળે થતી કાર્યવાહીના કારણે, જેતે વિસ્તારની નિયત માત્રા કરતાં ૫-ડીબી(એ) થી વધવી ન જોઈએ, તેવો પ્રતિબંધ મુકાયો છે.

હુકમ

વાસ્તે હું ડૉ. શમશેર સિંઘ, (આઈ.પી.એસ.), પોલીસ કમિશનર, વડોદરા શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૮/૧૧/૧૯૮૨ના નોટીફીકેશન નંબર જીજી/૪૨૨/સી.આર.સી./૧૦૮૨/૧૦૮૦/એમ. અન્વયે જે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ -૧૯૭૩ની કલમ-૨૦ નીચેની પેટા કલમ-(૧) નીચે બહાર પાડવામાં આવેલ છે અને જેનું પુનરાવર્તન ગુજરાત સરકારના ગૃહવિભાગના તા. ૦૭/૦૧/૧૯૮૯ થી બહાર પાડવામાં આવેલ સંકલિત જાહેરનામા નંબર જીજી/૬/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ.માં થયેલ છે જેમાં વડોદરા શહેરના પોલીસ કમિશનરશ્રી, અધિક પોલીસ કમિશનરશ્રી નાયબ પોલીસ કમિશનરશ્રી તથા મદદનીશ પોલીસ કમિશનરશ્રીઓ ને એકઝી. મેજિસ્ટેટ તરીકે જાહેર કરવામાં આવેલ છે તેમજ તેઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ના અધિકારનો ઉપયોગ કરવા ખાસ અધિકૃત કરવામાં આવેલ છે તે અધિકારની રૂએ તથા ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) ૩૭(૧) એફ અન્વયે નીચે જણાવેલ વિસ્તાર તથા સમય માટે નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

અમલવારીનો સમય

વડોદરા શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારમાં તારીખ ૨૯મી માર્ચ,૨૦૨૧ ના ક. ૦૧-૦૦ થી તારીખ ૧૨મી એપ્રિલ, ૨૦૨૧ના કલાક ૨૪-૦૦ વાગ્યા સુધી આ હુકમનો અમલ કરવાનો રહેશે.

વિસ્તાર

વડોદરા શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર

પ્રતિબંધિત કૃત્યો

માઈક સીસ્ટમ ભાડે આપનાર માલિક/ભાગીદાર, સંચાલક, મેનેજર, ઈવેન્ટ મેનેજર સમગ્ર વડોદરા શહેરના પોલીસ કમિશનરની હકુમતના

વિસ્તારમાં વરઘોડા, રાજકીય, સામાજિક અથવા ધાર્મિક શોભાયાત્રા, રેલી સરઘસમાં જાહેર રસ્તા કે જાહેર જગ્યામાં ઉપયોગ માટે તેમજ પાર્ટી પ્લોટ, ખુલ્લી જગ્યા, રહેણાંકોની પાસે નજીકમાં આવેલ ખાનગી માલિકીની ખુલ્લી જગ્યામાં ઉપયોગ માટે માઈક સીસ્ટમ ભાડે આપી શકશે નહીં.

૧. હોસ્પિટલો, શૈક્ષણિક સંસ્થાઓ, અદાલતો અને ધાર્મિક સ્થળોની આજુ બાજુના ૧૦૦ મીટરના ઘેરાવાનાં વિસ્તારને શાંત તરીકે ગણવામાં આવે છે જેથી શાંત વિસ્તારની આજુબાજુમાં માઈક સીસ્ટમનો ઉપયોગ થઈ શકે નહીં.

૨. એકબીજા પ્રત્યે ઉશ્કેરણી થાય અને કોમ્યુનલ લાગણી ઉશ્કેરાય તેવા ઉચ્ચારણો/ગાયનોનો માઈક સીસ્ટમમાં ઉપયોગ કરવો નહીં.

૩. રસ્તાની ડાબીબાજુ ચાલવા, ટ્રાફીકને અડચણ ન થાય તથા ટ્રાફીકના તમામ નિયમો/કાયદાઓનો અમલ કરવા તેમજ નાચગાન/ગરબા જાહેર માર્ગમાં રોકાઈને કરવા નહીં.

૪. ડી.જે. સીસ્ટમ એમ્બીઅન્ટ એર ક્વોલિટી સ્ટાન્ડર્ડ ઈન રીસ્પેકટ ઓફ નોઈઝ અંગે નામદાર સુપ્રિમ કોર્ટના વખતો વખતના ચુકાદાનાં નિર્દેશ તથા ધી નોઈઝ પોલ્યુશન (રેગ્યુલેશન એન્ડ કંટ્રોલ) રૂલ્સ ૨૦૦૦ ના ઈન્વાયરમેન્ટ પ્રોટેકશનની જોગવાઈ મુજબ એમ્બીઅન્ટ એર ક્વોલિટી સ્ટાન્ડર્ડ હોવુ જોઈએ તે જોતા ડી. જે. સીસ્ટમ વગાડવા માટે ઉપર જણાવેલ તમામ પ્રાવધાનો અને જોગવાઈઓનો ઉલ્લંઘન કરતા હોય તેવુ જાહેર જગ્યાએ ખુલ્લા સ્થળોએ વગાડવા પર પ્રતિબંધ છે.

પરંતુ નીચેની શરતોને આધિન અગાઉથી અધિકૃત પરવાનગી આધારે ઉપરોક્ત પ્રતિબંધમાંથી છુટછાટ રહેશે.

માઈક સીસ્ટમ વગાડવા માટેનો પ્રતિબંધમાંથી છુટછાટ માટેની શરતો :

(૧) માઈક સીસ્ટમ વગાડવા માટે તેના માલિકે/ભાગીદારે પરવાનગી અરજી એકથી વધારે પોલીસ સ્ટેશનનો વિસ્તાર આવતો હોય તો તેવા સંજોગોમાં જે તે ડીસીપીશ્રીને અરજી કરવી પરંતુ એક જ પો. સ્ટે. વિસ્તાર હોય તો તેવા સંજોગોમાં જે તે પો. સ્ટે.ના પો. ઈ.ને અરજી-૭ દિવસ પહેલા કરી પુર્વ મંજુરી મેળવી લેવાની રહેશે અને આપેલ શરતોનો ચુસ્તપણે બીનચુક અમલ કરવાનો રહેશે અને શરતોનો ભંગ થયે પરવાનગી રદ બાતલ થયેલ ગણાશે.

(૨) વરઘોડા/રેલી સમય દરમ્યાનમાં ઉપરોક્ત શરતોનો ભંગ કરે અથવા કોઈ અનિચ્છનીય બનાવ બને તો તેની જવાબદારી પરવાનેદારની રહેશે.

(૩) વડોદરા શહેર પોલીસ કમિશનરના અધિકાર ક્ષેત્રની અંદર જાહેર જગ્યામાં અથવા તો જાહેરમાં સાંભળી શકાય તેવી જગ્યામાં માઈક સીસ્ટમ/વાજંત્રનો ઉપયોગ અધિકૃત કરેલ અધિકારીની લેખીત પરવાનગી સિવાય કરી શકાશે નહીં. તેમજ અવાજનું પ્રદૂષણ ફેલાવી શકશે નહી.

(૪) આવી પરવાનગી માટેની અરજી લેખિત હોવી જોઈએ અને તેનો ઉપયોગ કરનાર વ્યક્તિની તેના ઉપર સહી હોવી જોઈએ.

(૫) આવી પરવાનગીની અરજી તેનો ઉપયોગ કરવાના હોય તે દિવસના સાત દિવસથી ઓછા નહીં તેટલા સમય પહેલાં પરવાનગી કાઢી આપવા માટે અધિકૃત અધિકારીને અરજી કરવાની રહેશે.

પરંતુ વાજબી કારણ દર્શાવતા સાત દિવસ કરતા ઓછા સમયની અંદર માંગવામાં આવેલ પરવાનગી, તેમ કરવા માટે અધિકૃત અધિકારી, પોતાની વિવેકબુદ્ધિ અનુસાર આપી શકશે.

(૬) અરજદાર અથવા તેના પ્રતિનિધિએ મળેલ પરવાનગી સાથે માઈક સીસ્ટમ/વાજંત્રનો ઉપયોગ થાય તે સમયે ઉપરોક્ત જાહેર જગ્યા ઉપર હાજર રહેવું પડશે. ફરજ ઉપરના પોલીસ અધિકારી આ અંગેનો પરવાનો જોવા માંગે ત્યારે પરવાના ધારકોએ તે રજુ કરવાનો રહેશે.

(૭) માઈક સીસ્ટમ/વાજંત્રનો ઉપયોગ ઉપરોક્ત અવાજની માત્રા દર્શાવતા શીડ્યુલ પ્રમાણે સવારના ક. ૬-૦૦ થી રાત્રિ કલાક ૨૨-૦૦ સુધી જ થશે.

(૮) અવાજ પ્રદૂષણ (નિયમ અને પ્રતિબંધ) નિયમ ૨૦૦૦ ની જોગવાઈઓ પ્રમાણે સામાન્ય રીતે માઈક સીસ્ટમ/વાજંત્રનો ઉપયોગ રાત્રીના કલાક ૨૨-૦૦ થી વહેલી સવારના કલાક ૬-૦૦ સુધીના સમય દરમ્યાન વગાડી ન શકાય તેવી જોગવાઈઓ હોઈ આ સમય માટે માઈક સીસ્ટમ / વાજંત્ર માટે કોઈ પરવાનગી આપવામાં આવશે નહીં.

નોંધ :-ઉપરોક્ત નિયમોની જોગવાઈઓ પ્રમાણે દર વર્ષે સરકારશ્રી તરફથી નક્કી કરેલ દિવસો દરમ્યાન આવી પરવાનગી રાતના કલાક ૨૨-૦૦ ના જગ્યાએ કલાક ૨૪-૦૦ વાગ્યા સુધી મળી શકશે.

(૯) કોઈપણ વિસ્તારમાં ઘોંઘાટ / અવાજનો હવામાનમાં પ્રમાણ ઉપરોક્ત જણાવેલ શીડ્યુલમાં જણાવ્યા મુજબના ડેસીબલ પ્રમાણે દિવસ તથા રાત્રિ દરમ્યાન નામદાર સુપ્રીમ કોર્ટે ઠરાવેલ છે. તે પ્રમાણે રાખવાનું રહેશે. પરવાનેદારે આ માત્રાનો ભંગ ન થાય તે જોવાનું રહેશે.

નોંધ :-કોઈ ઓડીટોરીયમ, કોન્ફરન્સ હોલ, કોમ્યુનીટી હોલ કે ખાનગી મકાન જેવા બંધ સ્થળો વિગેરેમાં માઈક સીસ્ટમ અંદરના ભાગે વગાડવા ઉપર કોઈ પ્રતિબંધ નથી. પરંતુ તેને અવાજ જે તે સ્થળથી બહાર જવો જોઈએ નહીં.

(૧૦) મંદિરો, ચર્ચ અને મસ્જીદોમાં માઈક સિસ્ટમ/વાજંત્રનો અવાજ એ રીતે મર્યાદીત કરેલ હોવો જોઈએ કે સંકુલની હદ બહાર જાય નહીં.

(૧૧) ગતિમાન વાહનમાંથી કોઈપણ માઈક સીસ્ટમ/વાજંત્રનો ઉપયોગ પોલીસ કમિશનરશ્રી તરફથી અધિકૃત કરેલા અધિકારીની પરવાનગી સિવાય કોઈપણ હેતુ માટે વાપરવો નહીં. અથવા ચલાવવો નહી.

(૧૨) માઈક સીસ્ટમ વાજંત્રનો પરવાનો ધરાવનાર વ્યક્તિ, આસપાસના રહેવાસીઓ અથવા રાહદારીઓને અડચણ, હરકત, અગવડ, જોખમ, ભય અથવા નુકશાન અટકાવવા માટે પોલીસ કમિશનર અથવા તેઓના તરફથી અધિકૃત કરેલ કોઈપણ અધિકારી તેને યોગ્ય લાગે

તેટલી મુદત માટે કોઈપણ જગ્યાએ પરવાનો ધરાવનારને માઈક સીસ્ટમ/વાજીંત્ર વાપરવા મનાઈ કરવાનો હુકમ કરી શકશે.

(૧૩) ફરજ પરનાં પોલીસ અધિકારી દ્વારા ઉપર જણાવેલ નિયમો તથા પરવાનગી પત્રમાં દર્શાવેલ વિસ્તાર અને સમય અંગે કોઈ ભંગ કરે તો વાહન તથા માઈક સીસ્ટમ/વાજીંત્ર અને તેના ઉપકરણો જપ્ત કરી કાયદેસર કરી શકશે.

આ જાહેરનામાના હુકમનાં ભંગ બદલ ઈ. પી. કો. કલમ-૧૮૮ તથા જી.પી.એકટ કલમ-૧૩૧,૧૩૫ મુજબ ગુનો નોંધી ઉપરોક્ત માલિક, ભાગીદાર, મેનેજર, સંચાલકની વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરી તમામ માઈક સીસ્ટમ ગુનાના મુદ્દામાલ તરીકે કબજે કરવામાં આવશે.

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ની કલમ-૧૮૮ તથા જી. પી. એક્ટ કલમ-૧૩૧, ૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે વડોદરા કમિશનેટમાં ફરજ બજાવતા અનાર્મ હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના કોઈપણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ઈ.પી.કો. કલમ-૧૮૮ તથા જી.પી. એક્ટ કલમ-૧૩૧, ૧૩૫ મુજબ ફરિયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ ૨૫મી માર્ચ, ૨૦૨૧ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

હુકમ

ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ.

ક્રમાંકઃ જી/સીપી/વિ.શા./પરીક્ષા જાહેરનામું/૧૬૪૯/૨૦૨૧.– વડોદરા શહેર પોલીસ કમિશનર વિસ્તારમાં તારીખ ૨૮મી માર્ચ, ૨૦૨૧ના રોજ કલાક ૨૮/૩/૨૦૨૧ના રોજ કલાક ૦૯/૦૦ થી ૧૪/૦૦ દરમ્યાન ગુજરાત સરકારશ્રીના આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગના ઠરાવ અન્વયે વડોદરા મહાનગરપાલિકા દ્વારા આરોગ્ય વિભાગ હસ્તકની U-PHC ની વિવિધ જગ્યાઓ માટેની લેખિત પરીક્ષા કુલ-૮૨ કેન્દ્રો ઉપર વડોદરા મહાનગરપાલિકા દ્વારા લેવામાં આવનાર છે. જે સ્કુલો/હાઈસ્કુલોમાં લેવામા આવનાર કેન્દ્રોની યાદી નીચે મુજબ છે. આ પરીક્ષા દરમ્યાન કોઈ ગેરરીતિઓ ન થાય, પરીક્ષાર્થીઓ નિર્ભયતાથી પરીક્ષા આપી શકે તેમજ કાયદો અને વ્યવસ્થા જાળવણી સુનિશ્ચિત કરવા જાહેર શાંતિ સલામતિ જળવાઈ રહે તે માટે તેમજ પરીક્ષા મુક્ત અને ન્યાયી અને સરળ સંચાલન માટે અને પરીક્ષામાં ગેરરીતિઓ અટકાવવા પ્રતિબંધ ફરમાવવાનું જરૂરી જણાય છે.

વાસ્તે હું ડૉ. શમશેર સિંઘ, I. P. S., પોલીસ કમિશનર, વડોદરા શહેર, વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનના પત્ર GAD.O.W.No. 2668/2020-2021, તા. ૨૫/૦૩/૨૦૨૧ અન્વયે જે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૨૦ નીચેની પેટા કલમ-(૧) નીચે બહાર પાડવામાં આવેલ છે અને જેનું પુનરાવર્તન ગુજરાત સરકારના ગૃહવિભાગના તા. ૦૭/૦૧/૧૯૮૯ થી બહાર પાડવામાં આવેલ સંકલિત જાહેરનામા નંબર જીજી/૬/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ.માં થયેલ છે જેમાં વડોદરા શહેરના પોલીસ કમિશનરશ્રી, નાયબ પોલીસ કમિશનરશ્રી અને મદદનીશ પોલીસ કમિશનરશ્રીઓ ને એકઝી. મેજિસ્ટેટ તરીકે જાહેર કરવામાં આવેલ છે. તેમજ તેઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ના અધિકારનો ઉપયોગ કરવા ખાસ અધિકૃત કરવામાં આવેલ છે. તે અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તારમાં તા. ૨૮/૦૩/૨૦૨૧ના કલાક ૦૮/૦૦ થી ૧૬/૦૦ સુધી નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવેલ છે.

કૃત્યો

વડોદરા શહેરમાં જે જે કેન્દ્રો (શાળાઓ/હાઈસ્કુલો) પરીક્ષા લેવાનાર છે તે તે કેન્દ્રોની શાળાઓના પરીક્ષા ખંડની અંદર તથા તા. ૨૮/૦૩/૨૦૨૧ના કલાક ૦૮/૦૦ થી ૧૬/૦૦ સુધી પરીક્ષા કેન્દ્રની અંદર કોઈપણ વ્યક્તિએ સેલ્યુલર ફોન, હેન્ડસેટ, વોકીટોકી, કોર્ડલેશ ફોન, મોબાઈલ ફોન, વાયરલેશ વિગેર લઈ જવા ઉપર કે ઈલેકટ્રોનીકલ ઉપકરણો લઈ જવા ઉપર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે. તેમજ પરીક્ષા કેન્દ્રની બહાર આજુ-બાજુમાં ૧૦૦ મીટરના અંતરમાં પરીક્ષા સમય દરમ્યાનમાં ચાર કે તેથી વધુ વ્યક્તિઓને ભેગ થવુ નહી તથા પરીક્ષા કેન્દ્રોની બહાર ૧૦૦ મીટરના અંતરના ઝેરોક્ષ મશીન ચાલુ રાખી શકશે નહી કે લાઉડસ્પીકર વગાડી શકશે નહી.

વિસ્તાર

વડોદરા શહેર પોલીસ કમિશનરેટની હકુમત હેઠળના વિસ્તારમાં આવેલ તમામ પરીક્ષા કેન્દ્રની શાળાઓ/હાઈસ્કુલોની વિગત નીચે મુજબ છે.

અ. નં.	કેન્દ્ર (સ્કુલનું નામ)	પોલીસ સ્ટેશન
૧	મહારાણી કન્યા વિદ્યાલય (ઈંગ્લીશ મીડીયમ) દાંડીયા બજાર	રાવપુરા
૨	મહારાણી ગર્લ્સ વિદ્યાલય ન્યુ બિલ્ડીંગ	રાવપુરા
૩	સયાજી બોઈઝ હાઈસ્કુલ, માંડવી	વાડી

અ. નં.	કેન્દ્ર (સ્કુલનું નામ)	પોલીસ સ્ટેશન
૪	ગુરુકુલ વિદ્યાલય હરણી વારસીયા રીંગ રોડ	વારસીયા
૫	વિદ્યામંદિર વિદ્યાલય હરણી વારસીયા રીંગ રોડ	વારસીયા
૬	રઘુકુળ વિદ્યાલય ન્યુ વી. આઈ. પી. રોડ	બાપોદ
૭	માય શાનેન સ્કુલ ખોડીયારનગર ન્યુ વી.આઈ.પી. રોડ	બાપોદ
૮	સાધુ વાસવાણી વિદ્યામંદિર ન્યુ વી.આઈ.પી. રોડ	વારસીયા
૯	બ્રાઈટ ઈંગ્લીશ સ્કુલ (ગુજરાતી મીડીયમ) એરપોર્ટ હરણી	હરણી
૧૦	પરીવાર હાઈસ્કુલ (ગુજરાતી મીડીયમ) આજવા રોડ	પાણીગેટ
૧૧	સરદાર વલ્લભભાઈ વિદ્યાલય આજવા રોડ	બાપોદ
૧૨	હેવન વિદ્યાલય વાઘોડીયા રોડ	બાપોદ
૧૩	શ્રી અંબે વિદ્યાલય (ગુજરાતી મીડીયમ) વાઘોડીયા રોડ	પાણીગેટ
૧૪	શ્રી નારાયણ ઈન્ટરનેશનલ સ્કુલ વાઘોડીયા ડભોઇ રીંગ રોડ	પાણીગેટ
૧૫	શ્રી નારાયણ વિદ્યાલય વાઘોડીયા રીંગ રોડ	પાણીગેટ
૧૬	શ્રી સ્વામી વિવેકાનંદ સ્કુલ-૨, વાઘોડીયા ડભોઇ રીંગ રોડ	પાણીગેટ
૧૭	શ્રી વલ્લભ વિદ્યામંદિર, ડભોઈ વાઘોડીયા રીંગ રોડ	પાણીગેટ
૧૮	સ્વીમી વિવેકાનંદ વિદ્યાલય મહેશ કોમ્પ્લેક્ષ પરીવાર ચાર રસ્તા	પાણીગેટ
૧૯	ઉમીયા વિદ્યાલય ડભોઈ વાઘોડીયા રીંગ રોડ	પાણીગેટ
૨૦	બરોડા પબ્લીક સ્કુલ વાઘોડીયા રોડ	પાણીગેટ
૨૧	એચ.એસ. પટેલ હાઈસ્કુલ વિશ્વામિત્રી, મુજમહુડા	રાવપુરા
૨૨	ગુજરાત પબ્લીક સ્કુલ (E.M. UNIT-1) કલાલી ફાટક	માંજલપુર
૨૩	ટ્રી હાઉસ સ્કુલ કલાલી બ્રીજ અટલાદરા	માંજલપુર
૨૪	વિદ્યુત બોર્ડ વિદ્યાલય (ગુજરાતી મીડીયમ) જે. પી. રોડ	ગોત્રી
૨૫	વિદ્યાકુંજ હાઈસ્કુલ વિશ્વામિત્રી મુજમહુડા	રાવપુરા
૨૬	બી.એ.પી.એસ. સ્વામીનારાયણ વિદ્યામંદિર અટલાદરા	જે. પી. રોડ
૨૭	બરોડા હાઈસ્કુલ, અલકાપુરી	સયાજીગંજ
૨૮	વિકલ વિદ્યાલય સેન્ટ્રલ મોલ પાસે, વડીવાડી	સયાજીગંજ
૨૯	એલેમ્બીક વિદ્યાલય, ગોરવા રોડ	ગોરવા
૩૦	તેજશ વિદ્યાલય, સુભાનપુરા	ગોરવા
૩૧	સી. કે. પ્રજાપતી વિદ્યાલય-૨, રીફાઈનરી રોડ	ગોરવા
૩૨	ઉત્કર્ષ વિદ્યાલય, હરીનગર ગોત્રી રોડ	ગોત્રી
૩૩	કેવલાની ટ્રસ્ટ વિદ્યાલય અકોટા સ્ટેડીયમ, અકોટા	ગોત્રી
૩૪	મધર સ્કુલ ગોત્રી રોડ, હરીનગર	ગોત્રી
૩૫	રામેશ્વર વિદ્યાલય નવનાથ સોસાયટી પાસે ગોત્રી રોડ	ગોત્રી

અ. નં.	કેન્દ્ર (સ્કુલનું નામ)	પોલીસ સ્ટેશન
૩૬	સંત કબીર સ્કુલ વાસણા રોડ	ગોત્રી
૩૭	સત્યનારાયણ વિદ્યાલય, લક્ષ્મી પુરા રોડ	લક્ષ્મીપુરા
૩૮	શ્રી વિદ્યામંદિર વિદ્યાલય યશ કોમ્પ્લેક્ષ સામે, ગોત્રી રોડ	લક્ષ્મીપુરા/ ગોત્રી
૩૯	સી. એચ. વિદ્યાલય, ટી. બી. હોસ્પીટલ પાસે	ગોરવા
૪૦	ગાયત્રી વિદ્યાલય	ગોત્રી
૪૧	શારદા મંદિર હાઈસ્કુલ, સલાટવાડા	કારેલીબાગ
૪૨	ન્યુ ઈરા ગર્લ્સ હાઈસ્કુલ, ભુતડીઝાંપા	કારેલીબાગ
૪૩	જીવન સાધના હાઈસ્કુલ, (ઈંગ્લીશ મીડીયમ) ભુતડીઝાંપા	કારેલીબાગ
૪૪	શ્રી જલારામ વિદ્યાલય આર્યકન્યા વિદ્યાલય પાસે	કારેલીબાગ
૪૫	સરદાર વિનય મંદિર આર્યકન્યા વિદ્યાલય પાસે	કારેલીબાગ
૪૬	સી.આર. પટેલ જીવન ભારતી વિદ્યાલય મેન્ટલ હોસ્પિટલ સામે	કારેલીબાગ
૪૭	લાલ બહાદુર શાસ્ત્રી વિદ્યાલય સંગમ ચાર રસ્તા	કારેલીબાગ
૪૮	શ્રી ક્રિષ્ણા હિન્દી વિદ્યાલય આર્યકન્યા વિદ્યાલય સામે	કારેલીબાગ
૪૯	શ્રી નારાયણ વિદ્યાલય વૃન્દાવન સોસાયટી સંગમ ચાર રસ્તા	વારસીયા
૫૦	હિલ મેમોરીયલ હાઈસ્કુલ પેવેલીયન સામે, ફતેગંજ	સયાજીગંજ
૫૧	રોઝરી હાઈસ્કુલ, પ્રતાપગંજ	સયાજીગંજ
૫૨	કોન્વેન્ટ મેરી ગર્લ્સ સ્કુલ, ફતેગંજ	ફતેગંજ
૫૩	રોશન મેરોરીયલ હાયર સેકેન્ડરી સ્કુલ ફતેગંજ પો. સ્ટે. પાછળ, નવાયાર્ડ	ફતેગંજ
૫૪	વેબ મેમોરીયલ સ્કુલ પેન્શનપુરા, નિઝામપુરા	ફતેગંજ
૫૫	સંત જોસેફ હાઈસ્કુલ, નવાયાર્ડ છાણી રોડ	ફતેગંજ
૫૬	સરસ્વતી વિદ્યાલય, નિઝામપુરા	ફતેગંજ
૫૭	નવરચના વિધ્યાની વિદ્યાલય સમા રોડ	સમા
૫૮	નવયુગ ઈંગ્લીશ મીડીયમ સ્કુલ	સમા
૫૯	કાઈઝેન સ્કુલ સમા સાવલી રોડ	સમા
૬૦	એમ. જી. સ્કુલ ચાણક્યપુરી, ન્યુ સમા રોડ	સમા
૬૧	અથર્વ વિદ્યાલય, કેનાલ રોડ	સમા
૬૨	ગંગાબાઈ હાઈસ્કુલ, યુનીટ-૧	નવાપુરા
૬૩	ન્યુ હારીઝોન હાઈસ્કુલ, માર્કેટ ચાર રસ્તા	નવાપુરા
૬૪	બરોડા હાઈસ્કુલ, પોલોગ્રાઉન્ડ સામે	નવાપુરા
૬૫	શ્રેયસ વિદ્યાલય પોલોગ્રાઉન્ડ સામે	નવાપુરા

અ. નં.	કેન્દ્ર (સ્કુલનું નામ)	પોલીસ સ્ટેશન
૬૬	નવજીવન હાઈસ્કુલ, પોલોગ્રાઉન્ડ બગીખાના	માંજલપુર
૬૭	શ્રેયસ વિદ્યાલય (ઈંગ્લીશ મીડીયમ)	માંજલપુર
૬૮	મહાત્મા ગાંધી વિદ્યાલય	માંજલપુર
૬૯	પંચશીલ વિદ્યાલય ઈવા મોલ પાછળ	માંજલપુર
૭૦	જય અંબે વિદ્યાલય	માંજલપુર
૭૧	સ્ટેલા મેરી સ્કુલ	માંજલપુર
૭૨	ડોન બોસ્કો હાઈસ્કુલ	માંજલપુર
૭૩	એકઝુલીમ કોન્વેન્ટ સ્કુલ	માંજલપુર
૭૪	શ્રીમતિ એમ. સી. પટેલ ઉમા વિદ્યાલય સોમનાથનગર, તરસાલી	મકરપુરા
૭૫	બરોડા હાઈસ્કુલ, દંતેશ્વર	મકરપુરા
૭૬	શિવમ વિદ્યાલય જી.આઈ.ડી.સી. રોડ, મકરપુરા	માંજલપુર
૭૭	શ્રી સ્વામી વિવેકાનંદ હાઈસ્કુલ અલવાનાકા	માંજલપુર
૭૮	લાલ બહાદુર શાસ્ત્રી વિદ્યાલય	મકરપુરા
૭૯	શાંતિ નિકેતન વિદ્યાલય, માણેજા	મકરપુરા
૮૦	ન્યુ ઈરા હાઈસ્કુલ, નોવીનો બેટરી સામે	મકરપુરા
૮૧	પી. એમ. યાદવ માધ્યમિક વિદ્યાલય કલ્પનાનગર, મકરપુરા	મકરપુરા
૮૨	સેન્ટ બેસીલ સ્કુલ, જાંમ્બુવા	મકરપુરા

અપવાદ

આ હકુમતમાંથી નીચે જણાવેલ વ્યક્તિઓને મુક્તિ આપવામાં આવે છે.

પરીક્ષા ફરજમાં રોકાયેલ વડોદરા મહાનગરપાલિકા આરોગ્ય વિભાગના અધિકૃત અધિકારીઓ પોતાની વિધિસરની ફરજો દરમ્યાન ફોનનો ઉપયોગ કરી શકશે.

શિક્ષા

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમ ૧૮૬૦ની કલમ-૧૮૮ મુજબ સજાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અધિક પોલીસ કમિશનરશ્રીના દરજ્જાથી પોલીસ ઈન્સ્પેકટર સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઈસમો સામે સી.આર.પી.સી. કલમ-૧૮૮ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ ૨૭મી માર્ચ, ૨૦૨૧ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

વંચાણે લીધાઃ

(૧) ગુજરાત સરકારના હુકમ ક્રમાંકઃ વિ-૧/કઅવ ૧૦૨૦૨૦/૪૮૨, તા. ૨૭-૦૨-૨૦૨૧

(૨) કેન્દ્રીય ગૃહ મંત્રાલયના હુકમ ક્રમાંકઃ 40-3/2020-DM-1(A) તા. ૨૬-૦૨-૨૦૨૧

(૩) અત્રેની કચેરીના જાવક ક્રમાંકઃ જી/સીપી/વિશા૮૭૧/૨૦૨૧ તા. ૧૨-૦૨-૨૦૨૧ આધારે.

હુકમ

ભારતીય ફોજદારી કાર્યરિતી અધિનિયમ- ૧૯૭૩ની કલમ-૧૪૪, તથા જી. પી. એક્ટ-૧૯૫૧ ની કલમ-૩૭(૪) અન્વયે

ક્રમાંકઃ જી/સીપી/વિ.શા/COVID-19/૧૬૭૧/૨૦૨૧.–સમગ્ર દેશમાં (COVID-19) ની અસરોને નિયંત્રિત કરવાના હેતુથી The Disaster Management Act-2005 થી મળેલ સત્તા અન્વયે કેન્દ્રીય ગૃહ મંત્રાલયના તા. ૨૪-૦૩-૨૦૨૦ ના હુકમ ક્રમાંકઃ 40-3/2020-DM-1(A) થી સમગ્ર દેશમાં તારીખ ૨૫-૦૩-૨૦૨૦ થી ૨૧ દિવસ સુધી આવશ્યક સેવાઓ સિવાયની તમામ સેવાઓ મોકૂફ રાખવામાં આવેલ. ત્યારબાદ કેન્દ્રીય ગૃહમંત્રાલયના વખતો વખતના હુકમથી આ અવધી તારીખ ૨૮-૦૨-૨૦૨૧ સુધી લંબાવવામાં આવેલ તથા કેટલીક પ્રવૃત્તિઓ તબ્બકાવાર શરૂ કરવામાં આવેલ છે.

છેલ્લા ચાર માસથી સમગ્ર દેશમાં COVID-19ના Active Cases ની સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો નોંધાયેલ છે. તેમ છતા (COVID-19) ના સંક્રમણને રોકવા તથા તેને સંપુર્ણપણે નાબુદ કરવા સાવચેતી તથા નિયત Containment Strategy નું પાલન કરવું આવશ્યક જણાય છે. જેથી Surveillance, Containment અને COVID-19 ના સંક્રમણને રોકવા અંગેની માર્ગદર્શીકાના ચુસ્તપણે અમલીકરણ માટે National Disaster Management Authority ના નિર્દેશ મુજબ કેન્દ્રીય ગૃહ મંત્રાલયના તા. ૨૭-૦૧-૨૦૨૧ના હુકમ ક્રમાંકઃ 40-3/2020-DM-1(A) થી ૦૧-૦૨-૨૦૨૧ થી અમલમાં આવે તે રીતે માર્ગદર્શિકા અમલમાં મુકવામાં આવેલ છે. સદર માર્ગદર્શિકાની સમયમર્યાદાની સમયમર્યાદા કેન્દ્રીય ગૃહ મંત્રાલયના તા. ૨૬-૦૨-૨૦૨૧ના હુકમ ક્રમાંક : 40-3/2020-DM-1(A) થી તા. ૩૧-૦૩-૨૦૨૧ સુધી લંબાવવામાં આવેલ છે.

કેન્દ્રીય ગૃહ મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલ માર્ગદર્શિકા ધ્યાને લઈ તા. ૦૧-૦૩-૨૦૨૧ થી તા. ૩૧-૦૩-૨૦૨૧ સુધી અમલમાં રહે તે મુજબ નીચે દર્શાવેલ માર્ગદર્શિકા અમલમાં મુકવામાં આવે છે.

વાસ્તે હું ડો. શમશેર સિંઘ, (આઈ.પી.એસ.), પોલીસ કમિશનર, વડોદરા શહેર, ગુજરાત સરકારશ્રીના ગૃહ વિભાગના તા. ૦૮-૧૧-૧૯૮૨ના નોટીફીકેશન નં.જીજી/૪૨૨/સીઆરસી/૧૦૮૦/એમ તથા ગૃહ વિભાગના તા. ૦૭-૦૧-૧૯૮૯ ના સંકલીત જાહેરનામાં નં. જીજી/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ અન્વયે મને મળેલ સત્તાની રૂએ ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને-૧૯૭૩ (૧૯૭૪ના નં.૨)ની કલમ-૧૪૪ તથા ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૭(૪) અન્વયે ઉપરોક્ત સંદર્ભ-૧ વાળા ગુજરાત સરકારશ્રી, ગૃહ વિભાગ, ગાંધીનગરના જાહેરનામા અન્વયે તા. ૩૧-૦૩-૨૦૨૧ના કલાક ૦૦-૦૦ વાગ્યાથી કલાક ૨૪-૦૦ સુધી જાહેરનામું પ્રસિદ્ધ કરૂ છું.

હુકમ

A. તા. ૩૧-૦૩-૨૦૨૧ સુધી કન્ટેઈનમેન્ટ ઝોન/માઈક્રો કન્ટેઈનમેન્ટ ઝોનમાં ફક્ત આવશ્યક ગતિવિધિઓ ચાલુ રહેશે.

૧(૧) COVID - appropriate behaviour

૧. સ્થાનિક અધિકારીઓએ COVID -19 appropriate behaviour ને ઉત્તેજન આપવા તેમજ યોગ્ય રીતે ચહેરાને ઢાંકવા, Hand, Hygine તેમજ સોશિયલ ડીસ્ટન્સીંગના પાલનને સુનિશ્ચિત કરવા માટે જરૂરી તમામ પગલા લેવાના રહેશે.

૨. આ સાથે સામેલ Annexure-1 માં દર્શાવેલ National Directive for COVID-19 Management નું સમગ્ર શહેરમાં ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૧(૨) Surveillance And Containment

૧. સ્થાનિક અધિકારીઓએ જરૂરીયાત જણાયે આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય, ભારત સરકાર તથા આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત સરકારની વખતો વખતની માર્ગદર્શિકાઓ ધ્યાને લઈ કાળજી પુર્વક કન્ટેઈનમેન્ટ ઝોન જાહેર કરવાના રહેશે. જાહેર કરેલા કન્ટેઈનમેન્ટ ઝોનમાં Containment Measures નું ચુસ્તપણે સમગ્રયતા પાલન કરવાનું રહેશે.

૧(૩) નિયત SOP નું ચુસ્તપણે પાલન

(એ) Containment Zone સિવાયના વિસ્તારોમાં નિયત કરવામાં આવેલ SOP નું ચુસ્તપણે પાલન કરવાની શરતે તમામ પ્રવૃત્તિઓ ચાલુ રાખી શકાશે.

(બી) કન્ટેઈનમેન્ટ ઝોન સિવાયના વિસ્તારોમાં સામાજિક, શૈક્ષણિક, રમત-ગમત મનોરંજન, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ધાર્મિક, રાજકીય સમારોહ તથા Other Congregation/Large Gathering સંદર્ભે નીચે મુજબની સુચનાઓનું પાલન કરવાનું રહેશે.

(૧) Adequate Physical distancing અને તેના માટે Floor Marking કરવાનું રહેશે.

(૨) સમગ્ર સમારંભ દરમ્યાન ચહેરાને યોગ્ય રીતે તમામ સમયે ઢાંકી રાખવાનો રહેશે.

(૩) થર્મલ સ્કેનીંગ, ઓક્સિમીટર, સેનેટાઈઝરની સગવડતા પૂરી પાડવાની રહેશે. સ્ટેજ, માઈક, સ્પીકર, તેમજ ખુરશીઓને સમયાંતરે સેનેટાઈઝ કરવાના રહેશે.

(૪) હેન્ડ વોશ, સેનેટાઈઝરની સુવિધાનો તમામે ફરજીયાત અમલ કરવાનો રહેશે.

(૫) સમારંભ દરમ્યાન થુંકવા તેમજ પાન મસાલા, ગુટખાના સેવન પર સંપુર્ણપણે પ્રતિબંધ રહેશે..

(૬) ૬૫ થી વધુ વયના વયસ્ક નાગરીકો, ૧૦ વર્ષથી ઓછી ઉમરનાં બાળકો, સગર્ભા મહિલાઓ તેમજ અન્ય બિમારીઓથી પીડિત વ્યક્તિઓએ આ પ્રકારના સમારંભમાં ભાગ ન લે તે સલાહભર્યું છે.

(૭) આરોગ્ય સેતુ એપનો ઉપયોગ થાય તે હિતાવહ રહેશે.

(૮) બેઠક વ્યવસ્થા ગોઠવતા સમયે Adequate distance જળવાય રહે તેની તકેદારી રાખવાની રહેશે.

(૯) તમામ કાર્યક્રમો દરમ્યાન તબીબી સુવિધાઓ તુર્તજ ઉપલબ્ધ થાય તે માટે જરૂરી પ્રબંધ કરવાનો રહેશે.

(૧૦) કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયના તા. ૦૪-૦૬-૨૦૨૦ના હુકમ ક્રમાંકઃ Z28015/19/2020-EMR(PT) થી ધાર્મિક સ્થળો મોલ્સ, રેસ્ટોરન્ટ, હોટલ, આતિથ્ય એકમો સંદર્ભમાં બહાર પાડવામાં આવેલ SOP નો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૧૧) એરકન્ડીશનીંગ/વેન્ટીલેશન માટે સી.પી. ડબલ્યુ ડી. ની માર્ગદર્શિકાનું પાલન કરવાનું રહેશે.

(સી) લગ્ન/સત્કાર સમારોહ જેવા પ્રસંગો સંબંધમાં ખુલ્લા સ્થળો / બંધ સ્થળોને સ્થળની ક્ષમતાના ૫૦% થી વધુ નહિ પરંતુ મહત્તમ ૨૦૦ વ્યક્તિઓની મર્યાદામાં સમારોહ/ પ્રસંગનું આયોજન કરી શકશે. આ અંગે Digital Gujarat Portal (www.digitalgujarat.gov.in) પર Online Registration for Organizing Marriage Function નામના Software પર Online અરજી કરવાની રહેશે.

(ડી) મૃત્યુ બાદની અંતિમ ક્રિયા/ધાર્મિક વિધિમાં મહત્તમ ૫૦ વ્યક્તિઓની મર્યાદા રહેશે.

(ઇ) હોલ, હોટલ, બેન્કવેટ હોલ, રેસ્ટોરેન્ટ, ઓડીટોરીયમ, કમ્યુનીટી હોલ, ટાઉન હોલ, જ્ઞાતિની વાડી વિગેરે જેવા બંધ સ્થળે સામાજિક, શૈક્ષણિક, રમતગમત, મનોરંજન સાંસ્કૃતિક, પ્રવૃત્તિઓ ધાર્મિક, રાજકીય સમારોહ તથા Other Congregation/Large Gathering નું સ્થળની ક્ષમતાના ૫૦% ની મર્યાદામાં સમારોહ પ્રસંગનું આયોજન કરી શકાશે.

(એફ) જ્યારે પાર્ટી પ્લોટ, ખુલ્લા મેદાનો, સોસાયટીના કોમન પ્લોટ કે અન્ય ખુલ્લા સ્થળોએ સામાજિક, શૈક્ષણિક રમત-ગમત, મનોરંજન, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ધાર્મિક તથા Other Congregation નું જ્યારે આયોજન કરવામાં આવે ત્યારે પારા ૩(૩) (બી)માં દર્શાવેલ બાબતોનો ચુસ્તપણેઅમલ કરવાનો રહેશે.

૨. વડોદરા શહેરમાં આવેલ, ધાર્મિક સ્થળો, હોટેલ અને રેસ્ટોરન્ટ, આતિથ્ય એકમો, શોપીંગ મોલ, કચેરીઓ સંદર્ભમાં કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયના તા. ૦૪-૦૬-૨૦૨૦ના હુકમથી બહાર પાડવામાં આવેલ SOP નું તથા ધાર્મિક સ્થળો બાબતે ગૃહ વિભાગના તા. ૦૭-૦૬-૨૦૨૦ના હુકમ ક્રમાંક વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨ થી બહાર પાડવામાં આવેલ SOP નું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૩. સિનેમા હોલ તથા થિયેટર સંદર્ભે Ministry of Information & Broadcasting Government of India દ્વારા કેન્દ્રીય ગૃહ મંત્રાલયના પરામર્શમાં બહાર પાડવામાં આવનાર SOP અન્વયે રાજ્યના માહિતી અને પ્રસારણ વિભાગ દ્વારા ઉક્ત SOP ને ધ્યાને લઈ જે કોઈ સુચના ઓ પ્રસિદ્ધ કરવામાં આવે તેનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૪. સ્વિમિંગપુલ સંદર્ભમાં Ministry of youth Affairs & Sports, Government Of India દ્વારા કેન્દ્રીય ગૃહ મંત્રાલયના પરામર્શમાં બહાર પાડવામાં આવનાર SOP અન્વયે રાજ્યના યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગના દ્વારા ઉક્ત SOP ને ધ્યાને લઈ જે કોઈ સુચનાઓ પ્રસિદ્ધ કરવામાં આવે તેનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૫. એક્ઝીબિશન હોલ, સંદર્ભમાં Department Of Commerce, Government of India દ્વારા કેન્દ્રીય ગૃહ મંત્રાલયના પરામર્શમાં બહાર પાડવામાં આવનાર SOP અન્વયે રાજ્યના ઉદ્યોગ અને ખાણ વિભાગ દ્વારા ઉક્ત SOP ને ધ્યાને લઈ જે કોઈ સુચનાઓ પ્રસિદ્ધ કરવામાં આવે તેનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૬. અન્ય જુદી- જુદી પ્રવૃત્તિઓ જેવી કે ટ્રેન મારફતે મુસાફરોને અવર-જવર, હવાઈ મુસાફરી, મેટ્રો ટ્રેન, શાળાઓ, ઉચ્ચ શિક્ષણની શૈક્ષણિક સંસ્થાઓ, યોગા સેન્ટર, જિમ્નેશિયમ સંબંધમાં કેન્દ્ર સરકાર તેમજ રાજ્ય સરકારના સંબંધિત વિભાગો દ્વારા જાહેર કરવામાં આવેલ SOP નું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૭. જાહેરમાં થુંકવા તથા જાહેરમાં યોગ્ય રીતે ચહેરો ન ઢાંકવા બદલ રાજ્ય સરકાર દ્વારા વખતો-વખતના હુકમથી નિયત કરવામાં આવેલ દંડને પાત્ર થશે.

૮. કેન્દ્ર સરકારના તા. ૨૭/૧/૨૦૨૧ના હુકમ સાથેના Annexure-1 માં જણાવવામાં આવેલ The National Directives For COVID-19 નું તમામે ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૯. આ હુકમની જોગવાઈઓ /કેન્દ્ર સરકારની માર્ગદર્શિકાઓનું ઉલ્લંઘન કરનાર વ્યક્તિ The Disaster Management Act-2005 તેમજ The Indian Penal Code, 1860 ની જોગવાઈઓ હેઠળ કાર્યવાહીને પાત્ર થશે.

વિસ્તાર

વડોદરા શહેર પોલીસ કમિશનરેટ હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

અમલવારીનો સમય

તારીખ ૩૧મી માર્ચ, ૨૦૨૧ ના કલાક ૦૦-૦૦ થી કલાક ૨૪-૦૦ સુધી અમલમાં રહેશે.

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ફોજદારી અધિનિયમ સને-૧૮૬૦ ની કલમ-૧૮૮ અને લાગુ અન્ય કાનુની જોગવાઈઓ સહિત, સહિત, The Disaster Management Act, 2005 ની કલમ ૫૧ થી ૬૦ મુજબ તથા જી.પી.એક્ટ કલમ ૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે વડોદરા કમિશરેટમાં ફરજ બજાવતા અનાર્મ હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના કોઈ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનનાર ઈસમો સામે ભારતીય ફોજદારી અધિનિયમ સને- ૧૮૬૦ ની કલમ-૧૮૮ અને લાગુ અન્ય કાનૂની જોગવાઈઓ સહિત, The Disaster Management Act, 2005 મુજબ તથા જી. પી. એક્ટ કલમ- ૧૩૫ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ ૩૦મી માર્ચ, ૨૦૨૧ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

વંચાણે લીધાઃ-

(૧) ગુજરાત સરકારના હુકમ ક્રમાંકઃ વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨ (પા.ફા.) તા. ૩૦/૦૩/૨૦૨૧.

(૨) ગુજરાત સરકારના હુકમ ક્રમાંકઃ વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨ તા. ૩૦/૦૩/૨૦૨૧.

જાહેરનામું

ભારતીય ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ (૧૯૭૪ના નં.૨) ની કલમ-૧૪૪ તથા જી. પી.એક્ટ કલમ ૩૭ (૪) અન્વયે કાઢેલ.

ક્રમાંકઃ જી/સીપી/વિ.શા./૧૬૮૨/૨૦૨૧.–સમગ્ર દેશમાં COVID-19ની અસરોને ધ્યાને લેતાં નેશનલ ડીઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરીટીના નિર્દેશો મુજબ કેન્દ્રીય ગૃહ મંત્રાલયના દ્વારા કોવિડ-૧૯ અસરોને નિયંત્રિત કરવા વખતો વખતો ગાઈડલાઈન બહાર પાડવામાં આવેલ છે. જે વિગતે રાજ્ય સરકારના તા.૩૦/૦૧/૨૧ના હુકમથી જાહેર કરવામાં આવેલ માર્ગદર્શિકાની સમયમર્યાદા વધુ એક માસ માટે એટલે કે તા.૧/૪/૨૦૨૧ થી તા.૩૦/૪/૨૦૨૧ સુધી સંદર્ભ-૧ વાળા જાહેરનામાંછી ગુજરાત સરકારશ્રી ગૃહ વિભાગ તરફથી અવધી લંબાવવા હુકમ કરવામાં આવેલ છે.

ભારત સરકારના ડિઝાસ્ટર મેનેજમેન્ટ એકટ, ૨૦૦૫ તેમજ ધી એપેડેમિક ડીસીઝ એકટ, ૧૮૯૭ રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન ઓથોરીટી (એન.ડી.એમ.એ.)દ્વારા કોરોનાને વૈશ્વિક મહામારી જાહેર કરવામાં આવેલ છે. હાલમાં વડોદરા શહેરમાં તહેવારના સમય દરમ્યાન બજારોમાં ખુબજ ભીડ જોવા મળેલ તેમજ હરવા-ફરવાની તથા ખાણી-પીણીની જગ્યાઓ ઉપર પણ ખુબજ મોટી સંખ્યામાં લોકો એકઠા થતા હોય છે હાલમાં શિયાળાની ઋતુનો પ્રારંભ થયેલ છે આ બધા કારણોસર કોરોના સંક્રમણ વધુ ન ફેલાય તે હેતુસર, લોકોના સ્વાસ્થ્ય, સુરક્ષા અને જાહેર જનતાના હિતમાં ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને-૧૯૭૩ ની કલમ-૧૪૪ અન્વયે તથા જી. પી. એક્ટ કલમ ૩૭ (૪) અન્વયે પગલા લેવા માટે અને પ્રવર્તમાન પરીસ્થિતીને લક્ષમાં લઈ જાહેર જનતાના હિતમાં નીચે મુજબનો હુકમ કરુ છું;

આથી, હું ડો. શમશેર સિંઘ (IPS), પોલીસ કમિશનર, વડોદરા શહેર ફરમાવું છું કે, તા. ૦૧/૦૪/૨૦૨૧ થી તા. ૧૫/૦૪/૨૦૨૧ સુધી દરરોજ રાત્રિના કલાક ૨૧/૦૦ થી સવારના ૦૬/૦૦ સુધી વડોદરા શહેરના રહેવાસીઓએ પોતાના રહેણાંક મકાનની બહાર નિકળવું નહી, તેમજ કોઈપણ માર્ગ, જાહેર રાહદારી રસ્તાઓ, રાજમાર્ગો, શેરીઓ, ગલીઓ, પેટા ગલીઓમાં તથા જાહેર જગ્યાઓ ઉપર ઉભા રહેવું નહી અથવા પગપાળા કે વાહનો મારફતે હરવું-ફરવું નહી.

વિસ્તાર

વડોદરા શહેર પોલીસ કમિશનરેટ હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

અપવાદ

નીચે જણાવેલ સેવાઓ સાથે સંકળાયેલ વ્યકિતઓ/સંસ્થાઓને ઉપરોક્ત હુકમ પાલનમાંથી મુક્તિ આપવામાં આવે છે

૧. જાહેર ઉપયોગીતા જેવી કે પેટ્રોલીયમ સીએનજી, એલપીજી, પીએનજી, પાણી, સ્વચ્છતા સહિતની સેવાઓ, વીજ ઉત્પાદન અને ટ્રાન્સમિશન એકમ, ટેલિકોમ્યુનિકેશન સર્વિસીસ, રાષ્ટ્રીય માહિતી કેન્દ્ર, પ્રારંભીક ચેતવણી એજન્સી.

૨. પોલીસ, હોમગાર્ડઝ, સિવિલ ડિફેન્સ, ફાયર એન્ડ ઈમરજન્સી સેવાઓ, ડિઝાસ્ટર મેનેજમેન્ટ, સરંક્ષણ કેન્દ્રીય

૩. સશસ્ત્ર પોલીસ દળ, જેલો અને મ્યુનિસીપલ કોર્પોરેશનની આવશ્યક સેવાઓ.

૪. જાહેર અને ખાનગી ક્ષેત્ર સહિતના તમામ તબીબી સેવાઓ તથા ઈ-કોમર્સ દ્વારા, ફાર્માસ્યુટિકલની હોમ ડિલીવરી.

૫. દૂધ વિતરણ.

૬. ઈલેક્ટ્રોનીક મીડીયા અને પ્રિન્ટ મીડીયા.

૭. ખાનગી સીક્યુરીટી સેવાઓ.

૮. આવશ્યક ચીજવસ્તુઓના ઉત્પાદન એકમો, ફાર્માસ્યુટીકલ તથા જે ઉત્પાદન એકમોમાં સતત પ્રક્રિયાની જરૂર પડે છે.

૯. અંતિમ સંસ્કારના કિસ્સામાં, પચાસ જેટલા વ્યક્તિઓ ભેગા થઈ શકે તે રીતે પરવાનગી આપી શકાશે.

૧૦. રેલ્વે અને એરપોર્ટ પર માલસામાનની હેરફેર માટેની પ્રવૃતિઓ.

૧૧. રેલ્વે તથા હવાઈમાર્ગે અવર જવર કરનાર મુસાફરોને લેવા તથા મુકવા માટે માન્ય ટીકીટ રજુ કર્યેથી મંજુરી જે માટે જ ટેક્સી તથા રેડિયો કેબ સેવાઓ ચાલુ રહેશે.

૧૨. ATM બેન્કીંગ ઓપરેશનના IT વેન્ડરો સહિત, ATM ઓપરેશન અને રોકડ વ્યવસ્થાપન એજન્સીઓ.

૧૩. તમામ પ્રકારના માલસામાનનું પરિવહન.

૧૪. NIC Scientist, CGL Tire-3, CSIR NET Exam, CA, SSC વિગેરેની અન્ય માન્ય પરીક્ષાઓ આપવા જતા પરીક્ષાર્થીઓને માન્ય પ્રવેશપત્ર/ઓળખપત્રના આધારે લેવા તથા મુકવા જવા માટેની મંજુરી.

૧૫. ભારત સરકારના તથા ગુજરાત સરકારના વખતો વખતના સુધારા આદેશોને આધીન અપવાદો.

૧૬. પોલીસ કમિશનરશ્રી વડોદરા શહેરનાઓ તરફથી તથા જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી વડોદરા તરફથી ફરજના ભાગરૂપે અનિવાર્ય સંજોગોમાં આવવા-જવા માટે ખાસ પરવાનો આપવામાં આવેલ હોય તેવા વ્યક્તિઓ.

૧૭. ઉપરોક્ત તમામ છુટછાટો સોશીયલ ડીસ્ટન્સીંગ, ફેસ કવર, હેન્ડ સેનીટાઈઝેશન વિગેરે સંબંધમાં COVID-19 ની માર્ગદર્શક સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાની શરતે આપવામાં આવે છે.

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ફોજદારી અધિનિયમ સને-૧૮૬૦ ની કલમ-૧૮૮, અને લાગુ અન્ય કાનૂની જોગવાઈઓ સહિત, The Disaster Management Act-2005 ની કલમ ૫૧ થી ૬૦ ની જોગવાઈઓ મુજબ તેમજ જી. પી. એક્ટ. ૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે વડોદરા કમિશનરેટમાં ફરજ બજાવતા અનાર્મ હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના કોઈપણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ફોજદારી અધિનિયમ સને-૧૮૬૦ની કલમ-૧૮૮ અને લાગુ અન્ય કાનૂની જોગવાઈઓ સહિત, The Disaster Management Act-2005ની કલમ ૫૧ થી ૬૦ મુજબ તેમજ જી. પી. એક્ટ. ૧૩૫ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ ૩૧મી માર્ચ, ૨૦૨૧ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

વંચાણે લીધા:

(૧) ગુજરાત સરકારના હુકમ ક્રમાંકઃ વિ-૧/કઅવ ૧૦૨૦૨૦/૪૮૨ (પા. ફા.), તા. ૩૦-૦૩-૨૦૨૧

(૨) કેન્દ્રીય ગૃહ મંત્રાલયના હુકમ ક્રમાંકઃ 40-3/2020-DM-1(A) તા. ૨૩-૦૩-૨૦૨૧

જાહેરનામું

ફોજદારી કાર્યરિતી અધિનિયમ- ૧૯૭૩ની કલમ-૧૪૪, તથા જી. પી. એક્ટ-૧૯૫૧ ની કલમ-૩૭(૪) અન્વયે

ક્રમાંકઃ જી/સીપી/વિ.શા/COVID-19/૧૬૮૩/૨૦૨૧.–સમગ્ર દેશમાં (COVID-19) ની અસરોને નિયંત્રિત કરવાના હેતુથી The Disaster Management Act-2005 થી મળેલ સત્તા અન્વયે કેન્દ્રીય ગૃહ મંત્રાલયના તા. ૨૪-૦૩-૨૦૨૦ ના હુકમ ક્રમાંકઃ 40-3/2020-DM-1(A) થી સમગ્ર દેશમાં તારીખ ૨૫-૦૩-૨૦૨૦ થી ૨૧ દિવસ સુધી આવશ્યક સેવાઓ સિવાયની તમામ સેવાઓ મોકૂફ રાખવામાં આવેલ. ત્યારબાદ સમગ્ર દેશમાં COVID-19ના Active cases ની સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો નોંધાયેલ છે. તેમ છતાં COVID-19ના સંક્રમણને રોકવા તથા તેને સંપૂર્ણ પણે નાબૂદ કરવા સાવચેતી તથા નિયત containment strategy નું પાલન કરવું આવશ્યક જણાય છે. જેથી જેથી Surveillance, Containment અને COVID-19 ના સંક્રમણને રોકવા અંગેની માર્ગદર્શીકાના ચુસ્તપણે અમલીકરણ માટે National Disaster Management Authority ના નિર્દેશ મુજબ કેન્દ્રીય ગૃહ મંત્રાલયના તા. ૨૭-૦૧-૨૦૨૧ના હુકમ ક્રમાંકઃ 40-3/2020-DM-1(A) થી ૦૧-૦૨-૨૦૨૧ થી અમલમાં આવે તે રીતે માર્ગદર્શિકા અમલમાં મુકવામાં આવેલ છે. સદર માર્ગદર્શિકાની સમયમર્યાદાની સમયમર્યાદા કેન્દ્રીય ગૃહ મંત્રાલયના તા. ૨૬-૦૨-૨૦૨૧ના હુકમ ક્રમાંક : 40-3/2020-DM-1(A) થી તા. ૩૧-૦૩-૨૦૨૧ સુધી લંબાવવામાં આવેલ છે.

કેન્દ્રીય ગૃહ મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલ માર્ગદર્શિકા ધ્યાને લઈ ગુજરાત સરકારશ્રી ગૃહ વિભાગના તા.૩૦/૧/૨૦૨૧ના હુકમ ક્રમાંક : વિ-૧/કઅવ ૧૦૨૦૨૦/૪૮૨ થી તા.૧/૨/૨૧ થી અમલમાં મુકવામાં આવેલ માર્ગદર્શિકાની સમયમર્યાદા તા.૩૦/૪/૨૦૨૧ સુધી લંબાવવામાં આવેલ છે. ઉક્ત માર્ગદર્શિકા ઉપરાંત નિયત પ્રવૃત્તિઓ કેન્દ્રીય મંત્રાલય/ વિભાગો તેમજ રાજ્ય સરકાર દ્વારા નિયત કરવામાં આવેલ SOPનું તમામે ચુસ્તપણે પાલન થાય તે માટે નીચે દર્શાવેલ માર્ગદર્શિકા અમલમાં મુકવામાં આવે છે.

વાસ્તે હું ડો. શમશેર સિંઘ, (આઈ.પી.એસ.), પોલીસ કમિશનર, વડોદરા શહેર, ગુજરાત સરકારશ્રીના ગૃહ વિભાગના તા. ૦૮-૧૧-૧૯૮૨ના નોટીફીકેશન નં.જીજી/૪૨૨/સીઆરસી/૧૦૮૦/એમ તથા ગૃહ વિભાગના તા. ૦૭-૦૧-૧૯૮૯ ના સંકલીત જાહેરનામાં નં. જીજી/ ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ અન્વયે મને મળેલ સત્તાની રૂએ ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને-૧૯૭૩ (૧૯૭૪ના નં.૨)ની કલમ-૧૪૪ તથા ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૭(૪) અન્વયે ઉપરોક્ત સંદર્ભ-૧ વાળા ગુજરાત સરકારશ્રી, ગૃહ વિભાગ, ગાંધીનગરના જાહેરનામા અન્વયે તા. ૧૦-૪-૨૦૨૧ના કલાક ૦૦-૦૦ વાગ્યાથી તા.૧૫-૪-૨૦૨૧ કલાક ૨૪-૦૦ સુધી જાહેરનામું પ્રસિદ્ધ કરૂ છું.

હુકમ

A. તા. ૩૦-૦૪-૨૦૨૧ સુધી કન્ટેઈનમેન્ટ ઝોન/માઈક્રો કન્ટેઈનમેન્ટ ઝોનમાં ફક્ત આવશ્યક ગતિવિધિઓ ચાલુ રહેશે.

૧(૧) COVID - appropriate behaviour

૧. સ્થાનિક અધિકારીઓએ COVID -19 appropriate behaviour ને ઉત્તેજન આપવા તેમજ યોગ્ય રીતે ચહેરાને ઢાંકવા, Hand, Hygine તેમજ સોશિયલ ડીસ્ટન્સીંગના પાલનને સુનિશ્ચિત કરવા માટે જરૂરી તમામ પગલા લેવાના રહેશે.

૨. આ સાથે સામેલ Annexure-1 માં દર્શાવેલ National Directive for COVID-19 Management નું સમગ્ર શહેરમાં ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૧(૨) Surveillance And Containment

૧. સ્થાનિક અધિકારીઓએ જરૂરીયાત જણાયે આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય, ભારત સરકાર તથા આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત સરકારની વખતો વખતની માર્ગદર્શિકાઓ ધ્યાને લઈ કાળજી પુર્વક કન્ટેઈનમેન્ટ ઝોન જાહેર કરવાના રહેશે. જાહેર કરેલા કન્ટેઈનમેન્ટ ઝોનમાં Containment Measures નું ચુસ્તપણે સમગ્રયતા પાલન કરવાનું રહેશે.

૧(૩) નિયત SOP નું ચુસ્તપણે પાલન

(એ) Containment Zone સિવાયના વિસ્તારોમાં નિયત કરવામાં આવેલ SOP નું ચુસ્તપણે પાલન કરવાની શરતે તમામ પ્રવૃત્તિઓ ચાલુ રાખી શકાશે.

(બી) કન્ટેઈનમેન્ટ ઝોન સિવાયના વિસ્તારોમાં સામાજિક, શૈક્ષણિક, રમત-ગમત મનોરંજન, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ધાર્મિક, રાજકીય સમારોહ તથા Other Congregation/Large Gathering સંદર્ભે નીચે મુજબની સુચનાઓનું પાલન કરવાનું રહેશે.

(૧) Adequate Physical distancing અને તેના માટે Floor Marking કરવાનું રહેશે.

(૨) સમગ્ર સમારંભ દરમ્યાન ચહેરાને યોગ્ય રીતે તમામ સમયે ઢાંકી રાખવાનો રહેશે.

(૩) થર્મલ સ્કેનીંગ, ઓક્સિમીટર, સેનેટાઈઝરની સગવડતા પૂરી પાડવાની રહેશે. સ્ટેજ, માઈક, સ્પીકર, તેમજ ખુરશીઓને સમયાંતરે સેનેટાઈઝ કરવાના રહેશે.

(૪) હેન્ડ વોશ, સેનેટાઈઝરની સુવિધાનો તમામે ફરજીયાત અમલ કરવાનો રહેશે.

(૫) સમારંભ દરમ્યાન થુંકવા તેમજ પાન મસાલા, ગુટખાના સેવન પર સંપુર્ણપણે પ્રતિબંધ રહેશે..

(૬) ૬૫ થી વધુ વયના વયસ્ક નાગરીકો, ૧૦ વર્ષથી ઓછી ઉમરનાં બાળકો, સગર્ભા મહિલાઓ તેમજ અન્ય બિમારીઓથી પીડિત વ્યક્તિઓએ આ પ્રકારના સમારંભમાં ભાગ ન લે તે સલાહભર્યું છે.

(૭) આરોગ્ય સેતુ એપનો ઉપયોગ થાય તે હિતાવહ રહેશે.

(૮) બેઠક વ્યવસ્થા ગોઠવતા સમયે Adequate distance જળવાય રહે તેની તકેદારી રાખવાની રહેશે.

(૯) તમામ કાર્યક્રમો દરમ્યાન તબીબી સુવિધાઓ તુર્તજ ઉપલબ્ધ થાય તે માટે જરૂરી પ્રબંધ કરવાનો રહેશે.

(૧૦) કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયના તા. ૦૪-૦૬-૨૦૨૦ના હુકમ ક્રમાંકઃ Z28015/19/2020-EMR(PT) થી ધાર્મિક સ્થળો મોલ્સ, રેસ્ટોરન્ટ, હોટલ, આતિથ્ય એકમો સંદર્ભમાં બહાર પાડવામાં આવેલ SOP નો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૧૧) એરકન્ડીશનીંગ/વેન્ટીલેશન માટે સી.પી. ડબલ્યુ ડી. ની માર્ગદર્શિકાનું પાલન કરવાનું રહેશે.

(સી) લગ્ન/સત્કાર સમારોહ જેવા પ્રસંગો સંબંધમાં ખુલ્લા સ્થળો / બંધ સ્થળોને સ્થળની ક્ષમતાના ૫૦% થી વધુ નહિ પરંતુ મહત્તમ ૨૦૦ વ્યક્તિઓની મર્યાદામાં સમારોહ/ પ્રસંગનું આયોજન કરી શકશે. આ અંગે Digital Gujarat Portal (www.digitalgujarat.gov.in) પર Online Registration for Organizing Marriage Function નામના Software પર Online અરજી કરવાની રહેશે.

(ડી) મૃત્યુ બાદની અંતિમ ક્રિયા/ધાર્મિક વિધિમાં મહત્તમ ૫૦ વ્યક્તિઓની મર્યાદા રહેશે.

(ઈ) હોલ, હોટલ, બેન્કવેટ હોલ, રેસ્ટોરેન્ટ, ઓડીટોરીયમ, કમ્યુનીટી હોલ, ટાઉન હોલ, જ્ઞાતિની વાડી વિગેરે જેવા બંધ સ્થળે સામાજિક, શૈક્ષણિક, રમતગમત, મનોરંજન સાંસ્કૃતિક, પ્રવૃત્તિઓ ધાર્મિક, રાજકીય સમારોહ તથા Other Congregation/Large Gathering નું સ્થળની ક્ષમતાના ૫૦% ની મર્યાદામાં સમારોહ પ્રસંગનું આયોજન કરી શકાશે.

(એફ) જ્યારે પાર્ટી પ્લોટ, ખુલ્લા મેદાનો, સોસાયટીના કોમન પ્લોટ કે અન્ય ખુલ્લા સ્થળોએ સામાજિક, શૈક્ષણિક રમત-ગમત, મનોરંજન, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ધાર્મિક તથા Other Congregation નું જ્યારે આયોજન કરવામાં આવે ત્યારે પારા ૩(૩) (બી)માં દર્શાવેલ બાબતોનો ચુસ્તપણેઅમલ કરવાનો રહેશે.

૨. વડોદરા શહેરમાં આવેલ, ધાર્મિક સ્થળો, હોટેલ અને રેસ્ટોરન્ટ, આતિથ્ય એકમો, શોપીંગ મોલ, કચેરીઓ સંદર્ભમાં કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયના તા. ૦૪-૦૬-૨૦૨૦ના હુકમથી બહાર પાડવામાં આવેલ SOP નું તથા ધાર્મિક સ્થળો બાબતે ગૃહ વિભાગના તા. ૦૭-૦૬-૨૦૨૦ના હુકમ ક્રમાંક વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨ થી બહાર પાડવામાં આવેલ SOP નું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૩. સિનેમા હોલ તથા થિયેટર સંદર્ભે Ministry of Information & Broadcasting Government of India દ્વારા કેન્દ્રીય ગૃહ મંત્રાલયના પરામર્શમાં બહાર પાડવામાં આવનાર SOP અન્વયે રાજ્યના માહિતી અને પ્રસારણ વિભાગ દ્વારા ઉક્ત SOP ને ધ્યાને લઈ જે કોઈ સુચના ઓ પ્રસિદ્ધ કરવામાં આવે તેનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૪. સ્વિમિંગપુલ સંદર્ભમાં Ministry of youth Affairs & Sports, Government Of India દ્વારા કેન્દ્રીય ગૃહ મંત્રાલયના પરામર્શમાં બહાર પાડવામાં આવનાર SOP અન્વયે રાજ્યના યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગના દ્વારા ઉક્ત SOP ને ધ્યાને લઈ જે કોઈ સુચનાઓ પ્રસિદ્ધ કરવામાં આવે તેનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૫. એક્ઝીબિશન હોલ, સંદર્ભમાં Department Of Commerce, Government of India દ્વારા કેન્દ્રીય ગૃહ મંત્રાલયના પરામર્શમાં બહાર પાડવામાં આવનાર SOP અન્વયે રાજ્યના ઉદ્યોગ અને ખાણ વિભાગ દ્વારા ઉક્ત SOP ને ધ્યાને લઈ જે કોઈ સુચનાઓ પ્રસિદ્ધ કરવામાં આવે તેનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૬. અન્ય જુદી- જુદી પ્રવૃત્તિઓ જેવી કે ટ્રેન મારફતે મુસાફરોને અવર-જવર, હવાઈ મુસાફરી, મેટ્રો ટ્રેન, શાળાઓ, ઉચ્ચ શિક્ષણની શૈક્ષણિક સંસ્થાઓ, યોગા સેન્ટર, જિમ્નેશિયમ સંબંધમાં કેન્દ્ર સરકાર તેમજ રાજ્ય સરકારના સંબંધિત વિભાગો દ્વારા જાહેર કરવામાં આવેલ SOP નું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૭. જાહેરમાં થુંકવા તથા જાહેરમાં યોગ્ય રીતે ચહેરો ન ઢાંકવા બદલ રાજ્ય સરકાર દ્વારા વખતો-વખતના હુકમથી નિયત કરવામાં આવેલ દંડને પાત્ર થશે.

૮. કેન્દ્ર સરકારના તા. ૨૭/૧/૨૦૨૧ના હુકમ સાથેના Annexure-1 માં જણાવવામાં આવેલ The National Directives For COVID-19 નું તમામે ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૯. આ હુકમની જોગવાઈઓ /કેન્દ્ર સરકારની માર્ગદર્શિકાઓનું ઉલ્લંઘન કરનાર વ્યક્તિ The Disaster Management Act-2005 તેમજ The Indian Penal Code, 1860 ની જોગવાઈઓ હેઠળ કાર્યવાહીને પાત્ર થશે.

વિસ્તાર

વડોદરા શહેર પોલીસ કમિશનરેટ હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

અમલવારીનો સમય

તારીખ ૧લી એપ્રિલ, ૨૦૨૧ ના કલાક ૦૦-૦૦ થી કલાક ૨૪-૦૦ સુધી અમલમાં રહેશે.

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ફોજદારી અધિનિયમ સને-૧૮૬૦ ની કલમ-૧૮૮ અને લાગુ અન્ય કાનુની જોગવાઈઓ સહિત, સહિત, The Disaster Management Act, 2005 ની કલમ ૫૧ થી ૬૦ મુજબ તથા જી.પી.એક્ટ કલમ ૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે વડોદરા કમિશરેટમાં ફરજ બજાવતા અનાર્મ હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના કોઈ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનનાર ઈસમો સામે ભારતીય ફોજદારી અધિનિયમ સને- ૧૮૬૦ ની કલમ-૧૮૮ અને લાગુ અન્ય કાનૂની જોગવાઈઓ સહિત, The Disaster Management Act, 2005 મુજબ તથા જી. પી. એક્ટ કલમ- ૧૩૫ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ ૩૧મી માર્ચ, ૨૦૨૧ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭ (૧) અન્વયે કાઢેલ.

ક્રમાંકઃ જી/સીપી/વિ.શા./હથિ.બંધી/જાહેરનામું/૧૭૨૨/૨૦૨૧.– વડોદરા શહેરની વર્તમાન પરિસ્થિતીને લક્ષમાં લઈ જાહેર શાંતી અને સલામતી જાળવવા પગલા લેવા જરૂરી છે. તેમજ વડોદરા શહેર પોલીસ કમિશનર હકુમત વિસ્તારમાં બનતાં ગુનાઓમાં છરી, ચપ્પા, ખંજર, રામપુરી ચપ્પા શસ્ત્રો, ડંડા, લાકડી, લાઠી, તલવાર, ભાલા, સોટા, બંદુક, ખંજરનો ઉપયોગ થાય છે. અને આવાહથિયારોથી ગુના બનતા હોવાથી જાહેર જનતાની સુલેહ તથા સલામતી માટે આવા હથિયારો ઉપર પ્રતિબંધ મુકવાની જરૂર જણાય છે.

વાસ્તે, હું, ડો. શમશેર સિંઘ, I.P.S., પોલીસ કમિશનર, વડોદરા શહેર, ગુજરાત પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭(૧) મુજબની મને મળેલ અધિકારની રૂએ હુકમ કરૂ છું. નીચે જણાવ્યા વિસ્તારમાં તા. ૪-૦૪-૨૦૨૧ના કલાક ૦૧-૦૦ થી તારીખ ૧૮-૦૪-૨૦૨૧ના કલાક ૨૪-૦૦ સુધી નીચેના કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

પ્રતિબંધિત કૃત્યો

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટી, બંદુક, ખંજર શારિરિક હિંસા પહોચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની કે અન્ય રીતે સ્વ બચાવ ચોક્કસ કારણ સિવાય સાથે રાખીને ફરવા ઉપર.

(ખ) પરવાના વાળા હથિયારો લઈ જાર જગ્યાઓએ જવા, હવામાં ફાયર કરવા, તથા સામાજિક મેળાવડા, ધાર્મિક સરઘસ કે વ્યક્તિઓના સમુદાયમાં લઈ જવા ઉપર.

(ગ) કોઈપણ ક્ષયધર્મી (શરીરને હાનિકારક) અથવા સ્ફોટક પદાર્થ લઈ જવા ઉપર.

(ઘ) પથ્થર અથવા બીજા શસ્ત્રો અથવા ફેંકવાના અથવા નાખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની એકઠા કરવાની તથા તૈયાર કરવા ઉપર.

(ચ) રેમ્બો છરા/ ચપ્પુ લાવવા અથવા રાખવા કે વેંચાણ કરવા ઉપર.

(છ) સળગતી અગર સળગાવેલી મશાલ સરઘસ માં લઈ જવા.

(જ) વ્યક્તિ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા બાળવા/ લટકાવવા/દેખાડવા કે પૂતળાને ફાંસી આપવા ઉપર.

(ઝ) જાહેરમાં અન્ય લોકોને ત્રાસ થાય તે રીતે બુમો પાડવા ગીતો ગાવાની તથઆ વાદ્ય વગાડવા ઉપર.

(ઠ) જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલો કરવા તથા ચિત્રો, નિશાનીઓ, જાહેર ખબર અથવા પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા ફેલાવો કરવાથી, સુરૂચિ અથવા પ્રતિષ્ઠાનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેના પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની તથા ચાળા વગેરે કરવાની

અને તેવા ચિન્હો, નિશાનીઓ વિગેરે તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવા ઉપર.

વિસ્તાર

વડોદરા શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળના સમગ્ર વિસ્તાર

અપવાદ

આ હુકમનો ખંડ-(ક) નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહિ.

(૧) સરકારી અથવા અર્ધ સરકારી નોકરી અથવા કામગીરીમાં હોય તેમને જેના ઉપરી અધિકારીઓએ આવી કોઈ હથિયાર લઈ જવા ફરમાવ્યું હોય અથવા કોઈ હથિયાર લઈ જવાની જેની ફરજ હોય તેમને.

(૨) સરકારી નોકરી કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધીત હથિયાર જેવા કે સંગીન વિગેરે સાથે રાખવા પડતા હોય તેમને લાગુ પડશે નહિ.

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫(૧) મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે વડોદરા કમિશનરેટમાં અધિક પોલીસ કમિશનરશ્રી થી આસીસ્ટન્ટ સબ ઈન્સપેક્ટર સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે જી. પી. એક્ટ ૧૩૫(૧) મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ ૩જી માહે એપ્રિલ, ૨૦૨૧ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

ડૉ. શમશેર સિંઘ,
પોલીસ કમિશનર,
વડોદરા શહેર.

Printed & Published at :
Government Press & Stationery, Anandpura, Kothi Road, Vadodara-390 001.